મોક્ષપત્રિકાના પુસ્તક નં. ૨૧ માંથી

હું કોણ?

Who am I?

[થોડામાં ઘણું.]

તંત્રી અને પ્રકાશક
રામશંકર મોનજી ભટ્ટ
મોક્ષમંદિર—અમદાવાદ.

આવૃત્તી ૧ લી.]   સંવત ૧૯૯૬.   [પ્રત ૧૫૦૦

કીંમત ૦—૪—૦]   સને ૧૯૪૦   [પોસ્ટેજ ૦—૦—૯.

આત્માના રસીક

બ્હેનો અને ભાઈઓ !

આ મોક્ષપાનગાળ... નુ [illegible] થાય; તો મોક્ષપત્રિકા નામનું માસીક મંગાવીને વાંચો ! લવાજમ માત્ર ૨–૩–૦ છે. મહા માસથી ચાલુ થાય છે. એક વરસ મંગાવીને ખાત્રી કરો ! વી. પી. નહીં થાય. ૨–૩–૦ નો મનીઓર્ડર કરો.

૨ આ એકાદશસ્કંધના ૨૦મા અધ્યાયમાંથી લીધું છે. અત્યારે મોક્ષ પત્રિકાનું ૨૧ મું વરસ ચાલે છે. પાછલી સાલના અંકોની ફાઈલો, પાકા પુંઠાથી બંધાવેલી, ૨–૬–૦ માં આપવામાં આવે છે. બહારગામને પોસ્ટેજ છ આના જુદું. વાંચવા જેવી વસ્તુ છે. આ ઉપરાંત ઘણાં પુસ્તકો અહીંથી બહાર પડયા કરે છે. લીસ્ટ છેલ્લા પુઠા ઉપર છે.

૩ એકાદશસ્કંધના અધ્યાય ૧ થી ૧૧ નું અને અધ્યાય ૧૧ થી ૧૮ સુધીનું, એમ બે મોટાં દળદાર પુસ્તકો, ચિત્રો અનુક્રમણિકા વિગેરેથી શણગારેલાં, તૈયાર થઈ ગયાં છે. દરેક પુસ્તકના રૂપૈયા ૬) છે. પોસ્ટેજ રૂા. ૧–૦–૦ જુદું. ઘરમાં રાખવા જેવાં ઘરણાં છે.

તંત્રી.

અમદાવાદ—ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટિંગ પ્રેસમાં, પરીખ સુરેશચંદ્ર પોપટલાલે છાપ્યું.

Registered No. B. 1434

મોક્ષપત્રિકાના પુસ્તક નં. ૨૧ માંથી. કીંમત મોકલી દેવી.

હું કોણ ? -Who am I?

તંત્રી અને પ્રકાશકઃ—રામશંકર મોનજી ભટ્ટ, ઠે. મોક્ષમંદિર–અમદાવાદ.

અમદાવાદ-ધી ડાયમંડ જ્યુબીલી પ્રિન્ટીંગ પ્રેસમાં, સુરેશચંદ્ર પોપટલાલે છાપ્યું. સને ૧૯૪૦

વ્હાલાં સ્ત્રી–પુરૂષો !

આ માનવદેહમાં, આપણે ૨૫–૫૦ કે સો ! વરસ રહીએ; પણ **'હું કોણ ?'** 'Who am I ?'–તેનો વિચાર કરવા, આપણને અવકાશ મળતી નથી. 'હું' એટલે– 'મારૂં નામ રમેશભાઇ, બાપનું નામ દુલાભાઈ, ડાહીનો દિકરો, અને ગાંડીનો ધણી !' એટલુંજ આપણે જાણીએ છીએ. એટલામાંજ આપણે રહીએ છઇએ. એટલામાંજ આપણો વ્યવહાર ચાલી રહ્યો છે. આટલાથીજ આપણે આપણને સુખીદુઃખી માનવીએ છઇએ. આત્માના અનુભવીઓ, કહે છે કે–'એટલોજ 'હું' નથી. 'હું' તેથી ઘણો મોટો છે. આ નામરૂપવાળો, જે 'હું' દેખાય છે; તે ડાહ્યો ડમરો–શમદમાદિ ઉત્તમ લક્ષણવાળો, સાચો માણસ બની જાય; તો–**अथातो ब्रह्मजिज्ञासा** ॥૧॥ [બ્રહ્મસૂત્ર]–તો તે બ્રહ્મની જીજ્ઞાસાનો અધિકારી થાય છે.

પુસ્તક ૨૧ ના ભાદરવાના અંક ૮ માં, જે મેં કહ્યું છે–તે હવે ભાવથી સાંભળો.—

એકાદશસ્કંધ

અધ્યાય ૨૦ મો. ચાલુ

[ગયા અંકના ૧૯૬૮ મા પાનાથી આગળ.]

બારમા શ્લોકનું વિવેચન ચાલે છે. પણ બારમો શ્લોક શું છે? તેનો અર્થ ફરી સાંભળો—

અર્થ—આવી રીતે મનુષ્ય દેહ, જ્ઞાન તથા ભક્તિનાં સાધન રૂપ છે. નરકના જીવ, જેમ મનુષ્ય દેહને ઇચ્છે છે; તેમ સ્વર્ગના જીવ પણ, મનુષ્ય દેહને ઇચ્છે છે. કારણ કે મનુષ્ય દેહ, જ્ઞાન તથા ભક્તિનાં સાધનરૂપ છે. દેવ શરીરથી અથવા નારકી શરીરથી, જ્ઞાન તથા ભક્તિ થતાં નથી. [૧૨]

આ અર્થના શબ્દેશબ્દમાં, સમજવાનું ઘણું છે; માટે આ અર્થ, બે ત્રણ વખત વાંચી જાઓ. ૧૯૬૮ મે પાને થોડું વિવેચન કર્યું છે. તેના અંતમાં–કહ્યું છે કે–'વિષય સુખનાં ડહાપણને–સમજણને–જ્ઞાનને, અમે અને અમારા જેવા કોઇ સંત પુરૂષો, સારૂં ગણતા નથી.'

વાત્સાયનનાં સૂત્રોમાં, મમ્મટના અને જગન્નાથ કવિના રસગંગાધરમાં, શૃંગાર રસનો મહિમા બહુ ગાયો છે. કવિઓએ સાહિત્યને બહાને, સ્ત્રીના મુખને ચંદ્ર સાથે સરખાવીને, શૃંગારરસને છલકાવ્યો છે. તો પણ જગતનો ઇતિહાસ એમ કહે છે કે-સમગ્ર સૃષ્ટિના સંત પુરૂષોનો એવો મત છે કે–' બસ ! શૃંગારની વાતોને, સંસારમાં પડી મેલો ! ઇદ્રના

સુખને પણ, ઠોકર મારો. માનવતાનો અમોઘો અથવા અંતીમ લાભ, સંસારનાં સુખોથી જુદો છે. મોક્ષનું દ્વાર વૈરાગ્ય માટે ખુલ્લું છે. વિલાસ માટે બંધ છે.'

બકરૂં કાઢતાં પેઠું ઊંટ—પ્રજાના પ્રવાહને ચાલુ રાખવા માટે, પ્રાણીઓને વિષયસુખ ભોગવવાની રજા, પ્રભુએ આપી છે. તે પણ અમુક હદે! દાળશાકમાં મીઠું મરચું નાંખવાની જરૂર છે. પણ તે જોઇએ; એટલુંજ નંખાય. સાકર ઘણીજ ગળી વસ્તુ છે; પણ દુધપાકમાં જોઇએ એટલીજ નંખાય છે. સાકરના કોથળા ભર્યા હોય; પણ બેપરવાઇ બીલકુલ કામ ન આવે. કોઇ એમ શંકા કરે; કે સાકર જેવી વસ્તુ પાકને બગાડતી હશે? તો શેર દુધમાં શેર સાકર નાંખીને, પી જુઓ—ખાત્રી કરો. તાત્પર્ય—વધારે પડતું વિષયસુખ ભોગવનારાં, માનવતાને ભુંડે હાલે મારી નાંખે છે. ઝાંજવાના જળથી, તૃષા છીપતી નથી. તો પણ જે મૃગો, ઝાંજવાનાં પાણી પીવાને, દોડે છે; તેમને થાક લાગે છે.

હું કોણ ?—આ શ્લોકમાં દેહનો મહિમા બતાવ્યો છે. તે માત્ર દેહનો મહિમા નથી; પણ દેહમાં 'હું' છે. તેનો મહિમા દેહ સાથે છે. દેહ સાથે હું હોય; તો દેહની કીંમત થાય છે. દેહમાંથી હું નીકળી જાય; તો દેહને બાળી દેવો જોઇએ. બાળતાં વાર લાગે; તો દેહ ગંધાઇ ઉઠે. ત્યારે આ **હું કોણ ?** હુંના બે પ્રકાર છે. એક દશ્ય હું; અને એક અદશ્ય હું. દશ્ય હું, તે લૌકિક વ્યવહારમાં મનુષ્ય તરીકે દેખાય છે; અને અદશ્ય હું, તે આત્મા છે. દશ્ય હું બરાબર સમજાય; તો પછી અદશ્ય હુંની ઓળખાણ થાય. દશ્ય હું, એટલે માણસ. હું માણસ તરીકે બરાબર છઉં કે નહીં; તેનો વિચાર પ્રથમ કરીએ—

દશ્ય હું એટલે માણસ. માણસ કેવો હોવો જોઇએ; તે પ્રથમ સાંભળો—

ધર્મોમાં પરમાત્માને પામવા, સર્વત્ર પ્રયત્ન થઇ રહ્યા છે. પરમાત્માને જાણવા, સર્વ ધર્મોમાં કથા વાર્તા વિગેરે થઇ રહ્યાં છે; તો પણ સમજુ માણસો સમજી શકે છે કે—સોએ પંચાણુ ટકા, સ્ત્રી પુરૂષો, પાણીમાં મુઠીઓ ભરી રહ્યાં છે. દીવાસળીમાં પ્રકાશ ભર્યો છે; પણ અવળી દીવાસળી ઘસનારને, પ્રકાશ મળી શકતો નથી. જે દીવાસળીનો ગંધરપ ખરી પડયો હોય; તે દીવાસળી ઘસતાં પણ, પ્રકાશ મળી શકતો નથી. માતાના સ્તનમાં દુધ ભર્યું છે; પણ જે બાળક માતાના હાથ ચાટે; અથવા પગ ચાટે; ને બાળકના મુખમાં, દુધ જઇ શકતું નથી. તાત્પર્ય—જે પ્રયત્ન થઇ રહ્યો છે; તે પ્રયત્નમાં, કયાં ભૂલ છે; તે સૌએ જાણી લેવું જોઇએ. પટારામાં લક્ષ્મી ભરી છે; પણ પટારાની કુંચી, હાથ લાગી ન હોય; તો પટારો ઉઘડતો નથી. અનેક તત્ત્વવિદ્ પુરૂષોએ, નિર્ણય કરીને કહ્યું છે કે 'તારે પરમાત્માનું કામ હોય; તો **તું પ્રથમ, તુંને જાણ. પોતે પોતાને ઓળખવો; એજ પરમાત્માને ઓળખવાની ચાવી** છે.' આ શબ્દનો બીજી રીતે અર્થ કરીએ; તો એમ કહેવાય કે—**સ્વસ્વરૂપનું જ્ઞાન (પોતાનું જ્ઞાન)**, પોતાને પ્રથમ હોવું જોઇએ.

માણસ તરીકે—આપણે એટલું જાણીએ છઇએ કે—હું પોતે—એટલે—'મારૂં નામ રમેશભાઇ, દુલાભાઇનો પુત્ર, ઉંમર વરસ પંચાવન, રહેવાશી મુંબઇ. કાલબાદેવી નં. ૩૫૧. જ્ઞાતે ભાટીયા વિગેરે—વિગેરે.' આપણા ઓળખીતા, આપણને આ નામથી ઓળખે છે. અજાણ્યા લોકોને ઓળખાણ આપતી વખતે પણ, આપણે—'મારૂં નામ રમેશભાઇ વિગેરે શબ્દોથી, ઓળખાણ આપીએ છઇએ. પરણવા જઇએ; તો ત્યાં પણ, આ નામ ચાલે છે. આપણી સ્ત્રી પણ, આ નામ સાંભળીને શરમાય છે; મંદ મંદ હસે છે. આ નામથી કોઇ આપ-

ણુને બોલાવે; તો આપણે જવાબ આપીએ છીએ. આ નામની કોઇ નિંદા કરે; તો તેની સાથે લડીએ છીએ. આ નામની કોઇ પ્રશંસા કરે; તેને લાડુ જલેબી દઇએ છીએ. આ નામની સાથે, આપણું રૂપ પણ છે. રૂપ એટલે આપણી અમુક પ્રકારની–કાળી ગોરી–આકૃતિ. આ નામ અને રૂપ ઉપર, આપણો સઘળો લૌકીક વ્યવહાર ચાલી રહ્યો છે. ઘરબાર તજીને બાવા થએલાઓને પણ, નવા નામનાં લેબલ, મારવાં પડે છે. લેબલ વિના દાગીનો ખોવાઇ જાય. તેઓને પણ નામ રૂપાદિમાં, સોએ પંચાણું ટકા, મોહ હોય છે. આ નામમાં અને રૂપમાં, આપણે એટલાં બધાં તલ્લીન છીએ; કે–તેથી આગળ કાંઇ છે–કે નહીં ? તે જોવા આપણે નવરાં નથી. કદિ જોવા નવરાં હોઇએ; તો પ્રયત્ન સવળો છે કે અવળો છે ? તે પણ આપણે જાણતાં નથી. બસ ! આટલે આવીને ઉભાં રહો. [આટલું સમજાય છે કે નહીં ? ન સમજાય; તો ઉપરનું વિવેચન, ફરી વાંચો. સમજાય તો આગળ વાંચો.] આ નામ રૂપ વાળો જે હું, તે લૌકિક હું છઉં. તે માણુસ કહેવાય છે. આ સંસારનાં કામકાજને પહોંચી વળવા માટે, હું લૌકિક બન્યો છઉં. આ લૌકિક વ્યવહારમાં, હું કોઇને ‘ પિતા ’ કહું છઉં; અને કોઇ મને ‘ પિતા ’ કહે છે. કોઇ મને ‘ પતિ ’ કહે છે; અને હું, તેને ‘ પ્રિયા ’ કહું છઉં. કોઇ મને ‘ શેઠ ’ કહે છે; હું કોઇને ‘ શેઠ ’ કહું છઉં વિગેરે. ધન વિના અને સ્ત્રી વિના સંસાર ચાલતો નથી; માટે સંસારનાં સુખ ભોગવવા; હું ધન પાછળ, અને સ્ત્રીની પાછળ લાગ્યો છઉં. ‘ આ બે વસ્તુજ સંસારમાં શ્રેષ્ઠ છે; ’ એમ હું માની રહ્યો છઉં. કોઇપણ કાર્યનો આરંભ કરતાં, તે કાર્યની વ્યવસ્થા માટે, અમુક અમુક નિયમો હોય છે. લૌકિક ‘હું’ એ, એટલે માણુસે, આ સંસારમાં, કેવી રીતે વર્તવું; તે બાબત, મન્વાદિએ કાયદા બાંધી આપ્યા છે. આ નિયમો જ્યારે જાણવામાં આવે; ત્યારે ખાત્રી થાય કે–નામરૂપવાળો જે હું, તે મનુજ (મનુનો વંશજ) અથવા માણુસ. માણુસે પાળવાના ધર્મ, શા શા છેઃ એમ આગળ વાંચતાં, સોએ પંચાણુ ટકાને ખાત્રી થાય છે કે–આપણે હજી મનુષ્ય પણ નથી. અરે ! એક નાટકશાળાના ખેલાડી જેટલી પણ, આપણામાં સમજ નથી. નાટક ખોટું; પણ ખેલમાં ઉતર્યા હોય; તેમણે પોતાને ભજવવાના પાર્ટ, બરાબર ભજવવા જોઇએ. રેઢીયાર એકટર નાટકશાળામાં કામ આવતો નથી. તેમ રેઢીયાર લૌકિક હું–માણુસ તરીકે હું–આ સંસારમાં કામ આવતો નથી. રાજ્યાસન ઉપર બેસનારો એક રાજા, અથવા ધર્માસન ઉપર બેસનારો એક સંત–પણ, સંસારની રંગભૂમિનો એક એકટર છે. તેણે પણ પોતાને ભજવવાના પાર્ટ, બરાબર ભજવવા જોઇએ. તે પણ રેઢીયાર હોય; તો સંસારમાં કામના નથી. તાત્પર્ય–સંસારમાં માણુસ તરીકે રહેવું હોય; તે પિતા હોય; તો તેણે સાચા પિતા થવું જોઇએ. તે પુત્ર હોય; તો તેણે સાચા પુત્ર થવું જોઇએ. તે સ્ત્રી હોય; તો તેણે સાચી સ્ત્રી થવું જોઇએ. તે નોકર હોય; તો તેણે નોકરના ધર્મ જાણીને, સાચા નોકર થવું જોઇએ. નાટકનો એક ખેલાડી, ભર્તૃહરિ થઇને આવે છે; તે આબેહુબ ભર્તૃહરિ બને છે; અને પિંગળા થાય છે; તે પુરૂષ હોય છે; તોપણ કમખામાં ચીંથરાના ડુચા ઘાલીને, અને વાણીમાં માધુર્ય ભરીને, સ્ત્રીનો પાર્ટ ભજવે છે. નાટક ઘડી તડીનું છે; ખોટું છે; છતાં ખેલ કરનારા, પોતાના કર્ત્તવ્યમાં, ગફલત કરતા નથી. તો પછી સંસારના ખેલાડીઓએ, ગફલત કાં કરવી ? કાં સાચા મનુષ્ય ન થવું ? આ સંસારમાં માણુસને, માણુસપણાંના પાઠ ભણાવવા, સાક્ષાત્ નારાયણ, શ્રીરામરૂપે અને શ્રીકૃષ્ણરૂપે પધાર્યા. શ્રીરામને રાજ્યાભિષેકની તૈયારી થઇ રહી હતી. છતાં વનવા-

સની આજ્ઞા થઇ. તો તે પણ, શિરોમાન્ય કરી. મરતાં મરતાં દશરથ સુમંતને કહે છે કે—ઢોલક કાંસીજોડાં તૈયાર કરો— ચોપાઈ

રાજ સુનાઇ દીન્હ વનવાસુ, સુનિ મન ભયેઉ ન હર્ષ હરાસુ;
સો સુત બિછુરત ગમે ન પ્રાણા, કો પાપી બડ મોહી સમાના.

× × × × ×

પુનિ પુનિ પૂછત મંત્રિહિ રાઉ, પ્રીતમ સુવન સંદેશ સુનાઉ.

[મોક્ષવાણી પાનું ૨૫ A]

પિતાની રાજગાદીના વારસ, કેવી રીતે થવાય? યુવરાજમાં કેટલી સહનશીલતા, અને કેવી આજ્ઞાપાલકવૃત્તિ હોવી જોઇએ; તે શ્રીરામે જગતને શીખવ્યું. મોટાભાઇએ નાનાભાઇઓ પ્રત્યે, કેવું વર્તન રખાય; તે શ્રીરામે જગતને શીખવ્યું. નાનાભાઇઓએ મોટા ભાઇ પ્રત્યે, કેમ રહેવાય; તે ભરતે અને લક્ષ્મણે શીખવ્યું. જુવાન ભાભી સાથે રહેવાનો પ્રસંગ આવે; ત્યારે કેવી રીતે રહેવાય; '**ઉપર કબહુ ન સીય નિહારી;**' તે લક્ષ્મણે જગતને વિદિત કર્યું. પતિ પત્નીનો પ્રેમ કેવો હોય; તે શ્રીરામે અને સીતાએ, જગતને વિદિત કર્યું. આ ભાવ ભવભૂતિએ ઉત્તરરામચરિતમાં ગાઇ બતાવ્યો છે. સીતાના વિયોગમાં રામ રોઇ પડયા હતા. એમ પણ કવિ બોલ્યા હતા કે—

प्रियानाशे कृत्स्नं, किल जगदरण्यं हि भवति ॥३०॥
जगज्जीर्णारण्यं, भवति च कलत्रव्युपरमे ॥३८॥ [અંક ૬ શ્લો.]

અર્થ—સ્ત્રીના નાશથી આ આખું જગત્, અરણ્ય જેવું લાગે છે. [૩૦] સ્ત્રીના મરણ પછી, આ જગત્ એક ઉજડ મેદાન જેવું લાગે છે [૩૮]

શ્રીમદ્ ભાગવતમાં નવમો સ્કંધ. અ. ૧૧ માં. શ્રીરામચરિત્ર ગાતાં ગાતાં, સીતાજીના વિયોગની વાત કરતાં, ત્યાગીઓમાં ઉત્તમ શ્રીશુકદેવજી કહે છે કે—

स्त्रीपुंप्रसंग एतादृक्, सर्वत्र त्रासमावहः ॥
अपीश्वराणां किमुत, ग्राम्यस्य गृहचेतसः ॥१७॥

અર્થ—સૌને સાધારણ જણાતો એવો, પતિ પત્નીનો પ્રસંગ, ઇશ્વર કોટિના પુરૂષોને પણ, પીડે છે. ત્યારે પામર માણસને પીડે; તેમાં શી નવાઈ? [૧૭]

આ સાંભળીને આપને એમ લાગે; કે—'શું યોગવાસિષ્ઠના સાંભળનારા શ્રીરામને પણ, આવો મોહ? ત્યારે તે ભગવાન શાના?' તેનો ઉત્તર એટલોજ—કે-તે દશરથના પુત્ર બન્યા હતા. પુત્ર તરીકે ખેલ કરી બતાવ્યો. ભરતના મોટાભાઇ તરીકે, ખેલ કરી બતાવ્યો. સીતાના પતિદેવ હતા. તો પતિ તરીકેનો ખેલ કરી બતાવ્યો. નાટક શરૂ કર્યા પહેલાં, અને નાટક રમી રહ્યા પછી—નથી કોઇ સિદ્ધરાજ, કે નથી કોઇ રાણકદેવી! સૌ એકજ કંપનીના એકટરો છે. આ સંસાર પણ, મોટા પાયા પર રચાયેલું, એક નાટક છે. જન્મ્યા પહેલાં અને મુવા પછી, નથી કોઇ કોઇનો બાપ; કે નથી કોઇ કોઇની સ્ત્રી. વચ્ચે ખેલમાં ઉતર્યા; ત્યારે સૌ આવી મળ્યાં. સંસાર નાટકના સૂત્રધાર, મન્વાદિની આજ્ઞા પ્રમાણે, સૌએ ખેલ બરાબર ભજવવો જોઇએ. કોઇ કોઇનું નથી; માટે આ સંસાર, ચોખ્ખો અનાસકત કર્મયોગ છે.

શ્રીકૃષ્ણની વાત પણ એવીજ છે. કહેતાં શેષ થાકે; તો હું શું કહું ! આપને દશમ સ્કંધની ટિકા લખી આપી છે. પ્રભુ શ્રીકૃષ્ણ યશોદા પાસે, કેવા લાડકા બાળક ! ગોપીકાઓ પાસે, કેવા ચતુર શીરોમણી કામદેવ જેવા ! મીત્રા સાથે મિત્ર ! કંસના મલ્લો પાસે મલ્લ ! અને કંસ પાસે પાકા દુશ્મન ! કારાગ્રહમાં વસુદેવ દેવકી પાસે જતાં × × બસ ! × વધારે ન બોલી શકું ! × × એ વખતનો દેખાવ-ઘણોજ કરૂણ ! × × × ઘડી ધૂન થવાદ્યો. × × ×

'હરિહરિ રાધાકૃષ્ણ, ગોવિંદ ગોપાલ વાસુદેવ.' થવાદ્યો-થવાદ્યો × × ×

આતો જેનાં નાનાં બાળક, પોતાથી વિખુટાં પડયાં હોય; તે જાણે ! પ્રભુએ માંડ માંડ માતાપિતાના મનનું સમાધાન કર્યું. વળી શ્રી કૃષ્ણ બળદેવજીના નાનાભાઈ. તો નાનાભાઇએ મોટાભાઇ પાસે કેમ રહેવાય ? તે પણ શીખવ્યું. પછી સાંદિપીની ઋષિના આશ્રમમાં જગનો નાથ, એક વિદ્યાર્થી-એક બ્રહ્મચારી ! પછી જરાસંઘાદિનો નાશ કરવા, પ્રભુ મોટા યોદ્ધા બન્યા. પ્રભુ આપણને સૂચવે છે કે-'જ્યાં જેવું કામ, ત્યાં તેવા બનો. અને તેમાં અનાસકત રહીને, તે કામ કરો !' કૃષ્ણની સ્ત્રીઓના ઘણા પ્રસંગો છે; પણ તેમાં સત્યભામાને લગીર પણ ભૂલવાં નહીં. તે એવાં આકરાં, કે બાપાજીને પણ ધમકાવે; ઉંચા નીચા કરે. તો બાપાજી તેના ઠપકા પણ સાંભળે; વિગેરે વિગેરે. અનેક સાધુસંત, આચાર્યો અને ભક્ત, સંસારમાં રહેવાની પોતાની રહેણી કરણીથી, માનવતાના પાઠ, પ્રજાને શીખવે છે. [ધીમે ધીમે સમજીને વાંચો !]

સૌને કેરી ગમે છે; પણ સડી ગએલી કેરી ગમતી નથી. તેમ જગત્‌ને માણસ ગમે છે; પણ સડી ગએલો માણસ ગમતો નથી. ઘડી ઘડીમાં કામ-ક્રોધ કે લોભના ઉભરા આવે; એવા માણસને જગત્ ફેંકી દેવા ખુશી છે. જગતને કેવો માણસ ગમે છે; તે સાંભળો—

વસંતતિલકા.

व्यायामवेश्मनि शिरः सिकताभिषिक्तं, नेत्रे नते परकलत्रविलोकनेन ।
श्रांतश्च दक्षिणकरोऽविरतप्रदाने-रेतत् त्रयं भुविनितांतमुदावहं मे ॥

અર્થ—અખાડામાં રેતીથી ભરાઈ ગએલું જેનું માથું (એટલે શૂરવીર), પર સ્ત્રીને દેખતાં, જેની આંખો નીચી નમી પડે; અને આપવું આપવું અને આપવું, એમાંજ પોતાની લક્ષ્મીની સફળતા માનનાર, એવો નર, મને બહુ આનંદ ઉપજાવે છે.

તાત્પર્ય—આ દેખાય છે તે મનુષ્ય છે; પણ મનુષ્ય તરીખે કેવી રીતે જીવવું; તે ખાસ જાણવું જોઇએ. **स्वधर्मे निधनं श्रेयः, परधर्मो भयावहः** પોતાનું કર્તવ્ય-ધંધો-વાંકો ચૂંકો હોય; તોપણ તે ઉત્તમ છે. રોહિદાસ ચમાર હતા, સજનો કસાઈ હતો. તેમ સ્ત્રીનો અવતાર. સ્વધર્મ પાળતાં, મોત સુધીના દુઃખને ગણકારવું નહીં. સુવર્ણ અગ્નિમાં ચોખ્ખું થાય છે; બળી જતું નથી. મયૂરધ્વજ, સુધન્વા, આદિ જે ભક્તો, મહાભારતના યુદ્ધમાં પ્રભુને નહોતા મળ્યા; તેમને મળવા, પ્રભુ અશ્વમેધ યજ્ઞને બહાને, અર્જુન સાથે નીકળ્યા હતા.

મનુષ્ય અથવા મનુષ્ય અવતાર, એક અજબવસ્તુ છે. માટે માણસ શું છે ? તેનો હજી વિચાર કરીએ. માણસ સુધરે; તો આત્માને શોધતાં વાર નથી.

II. માણસ—'હું એક છઉં; છતાં અનેક થાઉં;' એવી ઇચ્છા પ્રભુને થતાં, એકમાંથી આ આખો સંસાર ઉત્પન્ન થયો. પરમાત્માની અનેક કૃતિઓમાં માણસરૂપી જે કૃતિ થઇ; તે

અદ્‌ભૂત કૃતિ કરી છે. અત્યારે વીજળી, વરાળ વિગેરે આશ્ચર્ય પમાડે એવા અખતરા, મનુષ્યોએ જગત્ પાસે મુકયા છે. આ અદ્‌ભૂત અખતરોનો અભ્યાસ કરતાં કરતાં, માણસને ખાત્રી થાય છે કે–આ અદ્‌ભૂતોના કરતાં પણ, માણસ વધારે અદ્‌ભૂત છે. દુનિયાની સાત અજાયબભરેલી વસ્તુઓમાં પણ, માણસ વધારે અજાયબ છે.

चित्रं-नभश्चित्रं उदूर्मिरंबुधिस्-चित्रोंऽशुमान् सर्वकलः शशी तथा ।
चित्रो वनान्तोऽपि च तुंगसानुमान्, सर्वेष्वहं चित्रतमस्तु चेतनः ॥

અર્થ—આકાશ આશ્ચર્યકારક છે. ઉછળતા તરંગનો સમુદ્ર આશ્ચર્યકારક છે. સૂર્ય તથા સર્વ કળાઓથી ભરપૂર ચંદ્ર પણ, આશ્ચર્યકારક છે. વનપ્રદેશ અને પર્વતોનો પ્રદેશ પણ આશ્ચર્યકારક છે. પણ આ બધાં આશ્ચર્યોમાં, હું પોતે કે–જે ચૈતન્યરૂપ છઉં, સર્વનો દ્રષ્ટા છઉં; તે સર્વથી પરમ આશ્ચર્યરૂપ છઉં.

માણસને આ અદ્‌ભૂતતા આપનાર, તેનો પોતાનો વિવેક (discrimination), અને વિચાર છે. પ્રભુની પહેલી કૃતિ બ્રહ્મા. બ્રહ્માની કૃતિ-**સ્વાયંભુ મનુ** અને **સતરૂપા** નામનું, પુરૂષ સ્ત્રીનું જોડું. આ મનુના પુત્રો, તે મનુજ. પોતાના પરિવારે, આ સંસારમાં સુખી થવા માટે, કેવી રીતે વર્તવું; તેના કાયદા મનુએ બાંધી આપ્યા. તે શાસ્ત્ર મનુસ્મૃતિને નામે ઓળખાય છે. આ શાસ્ત્ર વાંચ્યા પછી ખાત્રી થાય છે કે–માત્ર હાથપગવાળો માણસ નહીં; પણ જેનામાં માણસાઇ હોય; તે માણસ છે. ગળપણ વિનાનો ગોળ નકામો; તેમ માણસાઈ વિનાનો માનવી નકામો. માણસાઈ એટલે મનુએ બાંધી આપેલા ધારા પ્રમાણે, તૈયાર કરેલું માનવજીવન. ગમે તે ધર્મમાં દાખલ થવાની ના નથી; પણ તે ધર્મના અનુયાયી થવા પહેલાં; તમારે માણસ થવું પડે. તમે પોતે માણસજ ન હો; તો ધર્મનો ઉપદેશ નકામો છે. ઉલટું અવળું સમજાય. માણસાઇ એટલે રહેણીકરણી.

દોહરો—પશુકી પેજાની હોત, નરકી કછુ ન હોત;
નર જો શુભ કરણી કરે; તો નરનારાયણ હોત—સીયાવર૦

પશુ જીવે ત્યાં સુધી કામ આપે; અને મરે તોપણ, તેના ચામડામાંથી પેજાની (જોડા) બને. અને માનવી મરે; ત્યારે તેને બાળવાનો પાંચ દસ રૂપૈયાનો ખર્ચ થાય છે. તેનું હાડકું ચામડું કામ આવે નહીં. આમ છે; તોપણ, માણસ જ્યારે જીવતો હોય છે; ત્યારે જો શુભ કરણી (સત્કર્મ) કરી લે; તો નર (માણસ) નારાયણ બને. પ્રભુરૂપ બની જાય.

पौरुषात् वश्यते सिद्धिः—આત્મકલ્યાણ માટે જે પુરૂષાર્થ કરે; તે સ્ત્રી હોય; કે પુરૂષ હોય; પણ તે પુરૂષ;છે. આવા માનવ પુરૂષો, પોતાના પુરૂષાર્થથી અનેક સિદ્ધિઓને પ્રાપ્ત કરે છે. સિદ્ધિઓને પણ જ્ઞાનદ્વારા ક્ષુલ્લક જોઇને, તેમાં ન લોભાતાં, પરમપદને માણસ પામે છે. **अथातो–अथ+अतः**-આ બધાં પછી, પરમપદ પ્રાપ્ત થાય.

જડવાદી દુનિયા પણ, માણસ માટે એમ કહે છે કે—'He can make mountains move; and enchant nature.' **અર્થ**-માણસ પહાડોને ચલાવી શકે છે; અને કુદરતને લલચાવી શકે છે; પોતાને આધીન વર્તાવી શકે છે. ડૉ. સ્માઇલ્સ કહે છે કે–'Patience and persevience change mulberry leaves, into satin.' **અર્થ**-ખંત અને સતત ઉદ્યોગથી, કોશેટો શેતુરના પાંદડામાંથી, રેશમ બનાવી શકે છે. તો ખંત અને સતત ઉદ્યોગથી, માણસ શું ન કરી શકે ?

આફત—માનવજીવન ઉમદા છે; પણ તેમાં આફતનાં વાજાં વાગતાં રહે છે. ઉત્તમ સંસ્કારોથી, દઢ નહીં થએલાં અંતઃકરણોને, આફત ગભરાવી દે છે; ધ્રુજાવી દે છે. ગભરાઈ જતાં આફત વધારે ગભરાવે છે.[1] 'આફત માનવીને અમર કરે છે.' [2]'આફત ન હોય; તો મરદો ઝઝૂમે ક્યાં ?' એવાં પ્રમાણપત્રો સામે રાખીને, માણુસે આફતની સામે થવું. પ્રતાપ રાણીને કહે છે કે—

'સેવા કરો સૌ કોઈની, સમજાય આફતમાં.
ખોટી ખુમારી હોય–તો પલટાય આફતમાં.
પાપી થકી પરમેશ, પણ, પૂજાય આફતમાં.'

આફત મનુષ્યની કસોટી છે. આ બાબતમાં અંગ્રેજ કવિ ગોલ્ડસ્મીથ બોલે છે કે—

Aromatic plants, bestow no spicy
Fragrance, where they grow.
But crushed and trodden, to the ground.
Their balmy sweets, spread around.

અર્થ—ગુલાબ, મોગરો વિગેરે સુગંધીદાર પુષ્પો, જ્યાં ઉગે છે; ત્યાં તેઓ તીવ્ર સુગંધ આપી શકતાં નથી. પણ જ્યારે તે પુષ્પો પીલાય છે; ત્યારે તેમાંથી નીકળેલો સુગંધીદાર રસ–અત્તર–મીઠી સુગંધ, ચારે તરફ ફેલાય છે.

કેટલાએક કહે છે કે–'અમારે ગુરૂની જરૂર નથી;' 'જ્ઞાનની જરૂર નથી;' 'શુભ સંસ્કારોની પણ જરૂર નથી.' તેમને કહેજો કે–'જગત આફતથી ભરેલું છે. આફત ક્યારે ? અને ક્યાંથી દોડી આવશે; તેની કોઇને ખબર પડતી નથી. તમારી સાથે ચા પાણી પીનારાં, આફતમાં તમને પડયા મેલીને, દૂર જઇને ઉભાં રહેશે. આફતમાં આપ એકલા હશો–નોધારા હશો. તેથી આફતનો સામનો કરવા માટે, ધીરજ, સહનશીલતા, શૌર્ય, ખંત, વિગેરે ઉત્તમ સંસ્કારોની મુડી, આપે રાખવી જ જોઇએ. મુડી હશે; તો આફતમાં વટાવી શકશો. નહીં તો આફત દેખીને, બચ્ચાં પાછળ હોલી; અને હોલી પાછળ હોલો. એમ તમે આફતમાં, કચરાઈ મરશો.' આ બળથી ગમે એવી ગરીબ સ્થીતિમાં પણ, માણસાઇને સાચવી શકશો. અંગ્રેજ કવિ મીલ્ટન બોલે છે કે—Mind if in its own place, makes a heaven of hell. માનવીનું મન શુભ સંસ્કારવાળું હોય; તો નરકને સ્વર્ગ બનાવી શકે છે. પંચદશી કહે છે કે-માણસનું મનજ બંધ મોક્ષનું કારણ છે. [માણસ કેવો હોવો જોઇએ ? તે વાત હજી ચાલે છે.]

અસંતોષ—મનુષ્યને જેમ આફતનો ભય છે; તેમ અસંતોષનો પણ ભય છે. તે વારંવાર જીવનમાં ઝબકારા કર્યા કરે છે. બેઠાને ઉઠાડે છે; નિવૃત્તને પ્રવૃત્ત કરે છે; વ્હાલામાં વેર કરે છે. 'આપણે કાંઈ લાવ્યા નથી; અને કાંઈ લઇ જવાનું નથી.' 'મેળવવા

---

૧ બચ્ચાંને જાળમાં પડેલાં જોઈને, ગભરાઈ ગએલી હોલી જાળમાં પડી. હોલીને પકડાઈ ગએલી જોઈને, ગભરાઈ ગએલો હોલો પણ, આત્મહત્યા કરીને મરી ગયો. આ જગમાં આવાં હોલા હોલી ઘણાં છે.

૨ રાણા પ્રતાપને અને શીવાજીને અમર કરનાર આફત છે. મીરાંને અમર કરનાર આફત છે. રાણકદેવી જસમા વિગેરેને અમર કરનાર આફત છે.

માટે, જીંદગીભર જે જંપીને બેઠા નથી; કરોડો પાપ કરીને, પૈસાના પોટલાં બાંધ્યાં છે; તે તમામ મીલ્કત, અહીંજ પડી રહેવાની છે.' **'વાવ્યા વિના ઉગતુ' નથી; આપ્યા વિના મળતું નથી.'** માનવીની પાસે, માણસાઈરૂપી અમોલું ધન છે. આ ધનની પાસે, ઈંદ્રનું પદ ક્ષુદ્ર છે. માટે માનવીએ માણસાઈમાં ઘણી પ્રીતિ રાખવી. 'જગત્માં લક્ષ્મી, ઘણે ઠેકાણે પડી છે. સુંદરીયો પણ, ઘણે ઠેકાણે છે; પણ ભાગ્ય વિના વસ્તુ ભેટતી નથી,' વિગેરે અટલ સિદ્ધાંતોને, નજર સામે રાખીને, અસંતોષને તોડીફોડી નાંખવો.

આશા અને તૃષ્ણા નામની બે બકરીઓ, સંતોષના વૃક્ષને વારંવાર ખાઈ જાય છે. માટે તેનો પણ વિચાર કરીએ—

આશા—

आशैव राक्षसी पुंसा-माशैव विषवल्लरी ।
आशैव जीर्णमदिरा, धिगाशा सर्वदोषभूः ॥

અર્થ—આશા પુરૂષોને રાક્ષસી સમાન છે. તે વિષની વેલી સમાન, અને જુની મદિરા જેવી કેફી છે; આ પ્રમાણે સર્વ દોષોના કારણરૂપ તે હોવાથી, મલીન આશાને, અને મલીન આશા રાખનારને, ધિક્કાર છે.

સ્વભાવ—સ્વભાવનો વળગાડ ભૂત કરતાં પણ ભૂંડો છે. રાવણને અને દુર્યોધનને ભૂત વળગ્યું હોત; તો કોઈ ભુવો, ભૂતને કાઢી શકત. પણ અવળો સ્વભાવ, તેમને વળગ્યો હતો. અવળા સ્વભાવથી અવળા વળ, તેમને ચડયા હતા. આ અવળા વળ, રામ તથા કૃષ્ણ પણ ઉતારી શકયા નહીં. માટે સ્વભાવનો પણ વિચાર કરવો. સ્વભાવને હિસાબે–મનુષ્યો ચાર પ્રકારનાં છે. એક દૈવી. દૈવી સંપત્તિનો માલીક. પોતાનું અને અન્યનું હિત કરવાની વૃત્તિ તેને હોય છે. આ દશ્યથી અન્ય અદશ્ય છે; તે શું છે; તે જાણવાની તેને ઇચ્છા થાય છે. વિગેરે. બીજો નંબર પશુનો. આહાર, નિદ્રા, ભય, મૈથુન, ખાવું પીવું અને ખેલવું. બસ આટલામાં જે પોતાને ધન્ય માને છે; તે મનુષ્યરૂપે પશુ છે. ત્રીજો રાક્ષસ સ્વભાવ. આ સ્વભાવમાં કામ, ક્રોધ અને લોભની વૃત્તિઓ ફાલી નીકળી હોય છે. ઈર્ષ્યા, કડવી વાણી, નિર્દયતા, કજીઆ કંકાસ વિગેરે, રાક્ષસી જીવને બહુ ગમે છે. ચોથો પ્રેત સ્વભાવ છે. આ સ્વભાવમાં દુરાગ્રહ, હઠ, આળસ, અને પ્રમાદ વધારે પડતાં હોય છે. આ સ્વભાવનાં માણસો, ભૂત પ્રેતાદિની માફક, ગુપ્તપણે અન્યને પીડા કર્યા કરે છે. ગીતાના સોળમા અધ્યાયમાં,' પ્રથમ વર્ગને પ્રભુએ દૈવી સંપત્તિમાં ગણ્યો છે; અને છેલ્લા ત્રણને આસુરી સંપત્તિમાં લીધા છે. આ પ્રમાણે સ્વભાવથી માણસ ઉંચો નીચો જણાય છે. સ્વભાવ માણસમાં કયાં રહેતો હશે? એમ કોઈ પૂછે; તો તેનો જવાબ એ છે કે–સ્વભાવ અંતઃકરણમાં રહે છે. સારો માઠો સ્વભાવ, સારા માઠા સંસ્કારો પ્રમાણે ઘડાય છે. સંસ્કારો દઢ થાય; તેનું નામ સ્વભાવ. જમતાં કોળીયામાં કાંકરા આવે; તો કોળીયો થુંકી નાંખવો જ જોઇએ. તેમ ગમે એવા સંબંધી, સંત કે રાજા પાસેથી, ખોટા સંસ્કાર મળતા હોય; તો તે સંબંધને તુરત તજી દેવો જોઇએ. આસપાસ ધૂળ ઉડવાથી, કપડું મેલું થાય. તેની દરકાર ઘણાને હોય છે; પણ આસપાસ ખોટા સંસ્કાર ઉડતાં, હૃદય મેલું થાય છે; તેની દરકાર, ઘણાજ થોડાંને હોય છે. [વાંચીને વિચારો !]

સેવા—સેવા જોકે દેખીતી, સેવ્યને (સેવતા પુરૂષને) જ, સુખ કરનારી જણાય છે; પણ તેના ગર્ભમાં, તેના પરિણામમાં, સેવા કરનાર માટે, અનેક સુખ સંતાડેલાં હોય છે. કષ્ટ વેઠીને શ્રી હરિ માટે, સારી સારી સામગ્રી તૈયાર કરી હોય; અને પછી પ્રભુને ધરતાં, પ્રભુ પ્રસન્ન થઇને, તે સામગ્રિ આપણને જમવા આપે છે. પ્રભુનો પ્રસાદ અને મીઠો માલ ! તે જમનાર જાણે. જે શિષ્યોએ સેવાથી ગુરૂને રીજવ્યા; તેની સેવાએ શિષ્યોને, ગુરૂ બનાવ્યા. જે ગુમાસ્તાઓએ સેવાથી શેઠને રીજવ્યા; તેની સેવાએ, ગુમાસ્તઓને, શેઠ બનાવ્યા. જે પુત્રોએ સેવાથી માતા પિતાને રીજવ્યા; તેના જીવન વ્યવહારમાં, સુખ માટે આગળ આગળથી તૈયારી થતી રહે છે. જે સ્ત્રીએ સેવાથી પતિને રીજવ્યા, તે સેવારૂપી વશીકરણ વિદ્યાથી, પતિ સ્ત્રીની સેવામાં હાજર હાજર રહે છે. આ તો દીવા જેવી વાત છે. પણ આંધળા, અજવાળે ઠેબાં ખાય. દિકરાને નોકરીમાં દાખલ કરતાં, પિતા શીખામણ દે છે કે 'ભાઇ ! શેઠ કહે; તેમ કરજે ! શેઠને વ્હાલા થજે. શેઠ રાજી, તો પ્રભુ રાજી ! જો જો હો, લગીર પણ અવળા થશો નહીં. કામથી કંટાળશો નહીં; અને પ્રમાણીક પણાનો લગીર પણ ભંગ થવા દેશો નહીં; વિગેરે.' બ્હેનને સાસરે વળાવતાં, સ્નેહાળ માતા પિતા, રડતાં રડતાં, બ્હેનને કહે છે કે-'જો જે હો; તું અહીં થનગન કરે છે; તેમ ત્યાં ન કરતી. સૌનું દોડીને કામ કરજે. અને સૌને નમી નમીને રહેજે તારાં સાસુ સસરો, હવે તારાં સાચાં માતા પિતા છે. તેમનાં વ્હાલ જેમ વધે; તેવી પવિત્ર સેવા કરજે. સેવામાંજ મેવા છે. તે મેવા તું જમજે. મર્યાદે મહેરાપણુ શોભે; માટે મર્યાદા મુકીને, કોઇની સાથે વાતચીત પણ કરવી નહીં. વિગેરે વિગેરે."

સેવાપરાયણા, આજ્ઞાનુકુલતા, અને યથાલાભસંતોષ, આ ત્રણ, સ્ત્રીઓનાં અમોલાં ઘરેણાં છે. આ ત્રણ ઘરેણાં જે સ્ત્રીઓ પહેરે છે; તે સ્ત્રીઓ મિથ્યા જગતને ઉપયોગી જગત્ બનાવી શકે છે. નાશવંત દેહનો યથાર્થ ઉપયોગ કરીને, તે પ્રભુ ચરણે પહોંચી શકે છે. રખડતા લાલચુ મનને પકડીને, તે સ્ત્રીઓ સંયમની ડાબલીમાં મનને પૂરી દે છે. અનાયાસે મનોજય અને વાસનાજયનો લાભ, તે સ્ત્રીઓ લઇ શકે છે.

એક મુદ્દાની વાત—આ આખું જગત્, એકબીજાની સેવા કરી રહ્યું છે. પણ સેવા યથાર્થ થતી નથી. તેથી સોએ પંચાણુ ટકા, નાંખી દેવા જેવી, અથવા કંટાળારૂપ સેવા થાય છે.

સાંભળો—વાંઝળ સ્ત્રી પુરૂષોને જમવા બોલાવે છે; પણ રસોડામાં બણબણાટ થતો હોય; નકામી વસ્તુઓ જ્યાંત્યાં વેરણછેરણ પડી હોય; બાળકો રાડેરાડ નાખતાં હોય; લોટા ભર્યા ન હોય; અથાણું કાઢયું ન હોય; પાપડ શેકયા ન હોય; એટલે જમનાર રાજી થઇને, શાંતિથી, પ્રસન્ન પ્રસન્ન ચિત્તે, જે રીતે જમી શકે; તેનો લગીર પણ વિચાર, તે વાંઝળ સ્ત્રીએ કર્યો ન હોય; તો તે સેવા કંટાળા રૂપ છે. પગ ભાંગલા નોકરો શેઠને સ્નાન કરવા, ઉનું પાણી કાઢી આપે; પણ ત્યાં લોટો ન હોય; ટંડું પાણી પણ પાસે ન હોય; પહેરવાનું વસ્ત્ર અને દિલ લુછવાનો ટુવાલ પણ ત્યાં ન હોય; તો દરેકને માટે, એક એક ઘાંટો (કોલ) શેઠ મારે; ત્યારે એક એક વસ્તુ, હાજર થાય. દસ ઘાંટા પાડે; ત્યારે સ્નાન પુરૂં થાય. તાત્પર્ય—જ્યાં કામ કરવા ઉતરો; ત્યાં જે જે વસ્તુની જરૂર પડે; તે તે વસ્તુઓ પ્રથમ હાજર કરો; અને સામો માણુસ, જેમ રાજી થાય; તેમ સેવા કરો. સારી સેવામાં મેવા છે. વેઠીઆવેઠની સેવામાં કંટાળો છે-બળાપો છે. [સાચા માણુસ થવું છે ને ?]

વ્યવહાર—

વ્યવહાર પરમારથનું દ્વાર છે–વ્યવહારને પ્રથમ સુધારવો જોઇએ. જેનો વ્યવહાર લુલો પાંગળો હોય; તે પરમારથ સુધી પહોંચે નહીં. જે 'હું' માણસ થયો નથી; તે 'હું' આત્મા કઇ રીતે બની શકું ?' માણસ કેમ થવાય; તે સાંભળો–વડીલો પ્રત્યે આદર, સ્વધર્મમાં તત્પરતા, થોડી સંતતિ, સાદો ખોરાક, સાદો પોશાક, પોતાની આવકમાં સંતોષ, કોઈની પાસે કાંઇ મગાય નહીં; મગનો ભલો ન આપસે, એવી અડગ ટેક. અને તો કોઇને કાંઇ આપવાની વૃત્તિ–લેવાની વૃત્તિ નહીંજ. કોઇને કાંઇ લ્હેણું આપવાનું હોય; તો પહેલી તકે આપીને, દેવામાંથી મુક્ત રહેવામાં પ્રીતિ; આરોગ્ય રહે; તેની ચીવટ, વિગેરે વિગેરે લક્ષણો, વ્યવહારને સરલ કરી શકે છે. યાદ રાખવું કે વ્યવહાર જીવને ગળે વળગ્યો છે; વ્યવહાર જીવને માથે બેઠો છે; વ્યવહારે જીવના પગ પકડયા છે; વ્યવહારે જીવના હાથ બાંધ્યા છે; વિગેરે વિગેરે. એટલે વ્યવહાર સરલ થાય; તોજ જીવને નિવૃત્તિ મળે. નિવૃત્તિ હોય; તેજ પરમારથ સંબંધી વિચાર કરી શકે. જેને વિચાર કરવાની તક નથી; તેને કાર્ય કરવાની અનુકુળતા હોયજ નહીં. ધંધો કરવાની ના નથી; પણ ધંધો આપણને દબાવી દેતો હોય, તો તે ધંધો, આપણો મિત્ર નથી; પણ શત્રુ છે. તે ધંધાની કરોડોની કમાણી, ધૂળધાણી છે. રાજ્યાસન ઉપર બેસનારા રાજાઓ સામું જુઓ! ચૌટામાં મોટી પેઢીઓ ચલાવનારા ધનવાનો સામે જુઓ! તેઓ જીવ્યા ત્યાં સુધી, ઘણું ઘણું રળ્યા; જંપીને બેઠા નથી. તેઓએ નિરાંતે પાણી પણ પીધું નથી. પણ તેઓ અહીંથી છેલ્લા છેલ્લા ચાલી નીકળ્યા; ત્યારે અહીંથી શું લઇ શકયા ? બસ! આટલોજ વિચાર કરો; તો તમારો ધમધોકાર ધંધો, ધણો ઢીલો પડી જશે. તમને શાંતિથી બેસવાની જરા તક મળશે. પોતે પાથરેલી જાળમાં કોશેટો સપડાઇ ગયો. એમ માનવીએ કરવું ન ઘટે. પ્રભુનો પંથ, હાઉ હાઉ કરનારને હાથ ન આવે.

નીતિમાં વ્યવહાર—દિકરા થઇને આજ્ઞા પ્રમાણે વર્તે; સ્ત્રી પતિની આજ્ઞામાં વર્તે; પાત સ્ત્રીને અનુકુળ રહે. પિતા પુત્રવધુને પોતાની દિકરી માફક રાખે; પુત્રવધુ, પુત્રી પિતાને હેત કરે; તેમ સસરા ઉપર પવિત્ર હેત રાખે. મોટા ભાઇઓ નાના ભાઇની સ્ત્રીઓને, પુત્રીની માફક રાખે. નાના ભાઇઓ, મોટા ભાઇઓની પત્ની પ્રત્યે, માતા જેવો ભાવ રાખે; વિગેરે વિગેરે. જે ઘરમાં પુત્રવધુઓ, શીયળ માટે સભય રહે છે; તે અસુરોનાં ઘર છે. જે રાજમાં સ્ત્રીઓ શિયળ માટે સભય રહે છે; તે રાજ, રાજા રાવણનું છે–રામનું નહીં. ભલે ખાવા જુવાર હોય; પહેરવા આછું પાતળું વસ્ત્ર હોય; પણ સ્ત્રીઓનું શીયળ, સ્ત્રીઓની મોંઘી માનવતા, કોઇપણ પ્રકારે. ન હણાવી જોઇએ. આ અનેક નિર્ણયોનો નિર્ણય છે. તેમાં શંકાને સ્થાન નથી. તર્કની જરૂર નથી. ઢેઢવાડે પણ શીયળની સાચવણી શોભે છે. સ્વધર્મનું પાલન થાય; તોજ વ્યવહાર ઉત્તમ થાય. તોજ હૃદય મલીન વાસનાથી અને ભયથી મુક્ત રહે. જ્ઞાનનું અધિકારી થાય. **अथातो ब्रह्मजिज्ञासा**–માણસ થયા પછી, બ્રહ્મની જીજ્ઞાસા રખાય.

નીતિના વ્યવહારમાં ખાસ યાદ રાખવું કે–સ્ત્રી અને પુરૂષ,એવાં બે પ્રાણીઓ, પ્રભુએ બનાવ્યાં છે. તે એક બીજાને દેખે; સાંભળે; સ્પર્શ કરે; ત્યારે એક બીજા ચમકી જાય છે. વિકારથી ઘેરાઇ જાય છે. રાવણ, દુર્યોધન, પૃથુરાજ, સિદ્ધરાજ, કરણઘેલો, પતઇ, રામાંડળીક, અને એવા અનેક, આ વિકારનાં પરિણામમાં પીલાઇ ગયા છે. ઇતિહાસે આ વિકારીઓના દાખલા

નોંધી રાખીને, ભવિષ્યની પ્રજાને ચેતવી છે. છતાં દુનિયા હજી જાગી નથી. માઠાં પરિણામ વેઠી રહી છે. માટે સમજુ સ્ત્રી પુરૂષોએ, સ્વધર્મ પાળવો. સ્વધર્મની વાડ મજબુત હશે; તો ઝેર અમૃત બની જશે. નિર્ભય રહેવાની પરવાવાળાંએ, આ ભયંકર વિકારથી બચવા, ચારિત્રવાન પુરૂષોનાં ચરિત્ર, વાંચવાં સાંભળવાં અને અનુભવવાં. આ પ્રમાણે જેમનો વ્યવહાર સ્વચ્છ હોય; તે પરમારથનો વિચાર કરી શકે. **अथातो ब्रह्मजिज्ञासा** !

સંયમ એજ માનવીનું સાચું જીવન છે; શુદ્ધ વ્યવહાર એજ, પરમારથનો પાયો છે. ધર્મમાં સ્વચ્છંદી, લોલુપ, લંપટ, કદિ કામ આવતા નથી. વ્યવહારની ચક્કીમાં શુદ્ધ થયા પછીજ, પરમારથમાં માણસ લાયક થાય છે. વ્યવહાર શુદ્ધ થયા વિનાનો પરમારથ, પાખંડ છે દંભ છે. દીવા જેવો નિર્ણય છે કે–માબાપને રીજવતાં જેને ન આવડે; તે ઉંધે માંથે તપ કરે, તોપણ–પ્રભુને રીજવી શકતાં નથી. જે પતિને રીજવી ન શકે; તે સ્ત્રી પળે પળે રામ રામ કહે; તોપણ પ્રભુને રીજવી શકતી નથી. જે ગુમાસ્તા શેઠને રીજવી શકતા નથી. વિગેરે વિગેરે.

સાર–કનક અને કામની આ બે, સંસાર સાગરે મોટા ખડકો છે. ત્યાં જેનાં વહાણુ (જીવન નાકા) અફળાય છે; તે જરૂર ભાંગી તૂટીને ભૂકો થઇ જાય છે. તે પરમારથ સુધી પહોંચી શકતાં નથી. **किं अत्र हेयं, कनकं च कांता**–નાના મોટા તમામ ત્યાગીઓએ, આ બે વસ્તુનો, હૃદયથી પણ કદિ સ્પર્શ કરવો નહીં.

મનુષ્યદેહ કેમ મોટો ?—આ દેહમાં આવ્યા પછી, સકામ સત્કર્મ કરે; તો સ્વર્ગે જાય છે; નિષ્કામ સત્કર્મ કરે; તો વૈકુંઠમાં જાય છે; અને પાપકર્મો કરે; તો નરકે જાય છે. ભાગવતના ત્રીજા સ્કંધમાં, અ૦ ૨૯માં શ્લોક ૨૮ થી, મનુષ્ય દેહની મોટાઇની કથા છે. ભાગવત સ્કંધ પાંચમાં, અધ્યાય ૫માંમાં ૨૧ મા શ્લોકથી, મનુષ્યદેહની મોટાઇ બતાવી છે. શ્રી આદ્યશંકરાચાર્યે, વિવેકચૂડામણીનો ગ્રન્થ લખતાં, માનવતાનાં વખાણુ, નીચે પ્રમાણે કર્યા છે.

શાર્દૂલ વિ૦

जंतूनां नरजन्म दुर्लभमतः, पुस्त्वं ततो विप्रता ।
तस्माद्वैदिकधर्ममार्गपरता, विद्वत्त्वमस्मात् परं ॥
आत्मानात्मविवेचनम् स्वनुभवो, ब्रह्मात्मना संस्थितिः ।
मुक्तिर्नो शतजन्मकोटिसुकृतैः, पुण्यैर्विना लभ्यते ॥ २ ॥

અર્થ—જીવોને મનુષ્યનો દેહ દુર્લભ છે. મનુષ્યોમાં પણ પુરૂષપણું દુર્લભ છે. પુરૂષોમાં પણ બ્રાહ્મણપણું દુર્લભ છે. બ્રાહ્મણોમાં પણ, વેદોક્તધર્મ માર્ગમાં, તત્પર રહેવું; તે દુર્લભ છે; ધર્મ માર્ગમાં તત્પર રહેનારાઓમાં, વિદ્વાનપણું દુર્લભ છે. વિદ્વાન થયા પછી પણ, જડનો અને ચેતનનો વિવેક સમજવો; તે દુર્લભ છે. વિવેક જાણુનારાઓમાં, પણ, જે આત્મસાક્ષાત્કાર કરી શકે છે; તે દુર્લભ છે. આત્મસાક્ષાત્કાર કરનારાઓમાં, આ સ્થીતિ ટકી રહે છે; તે દુર્લભ છે. આવી મુક્તિ અસંખ્ય જન્મનાં પુણ્યો વિના, જીવને પ્રાપ્ત થતી નથી. [૨]

ઉત્તમ મનુષ્ય દેહ સાથે પણ—

दुर्लभं त्रयमेवैतद्-देवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं, महापुरुषसंश्रयः ॥ ६ ॥

મનુષ્યપણું, મુમુક્ષુપણું અને બ્રહ્મનિષ્ટ ગુરૂનો દૃઢ આશ્રય–ત્રણ–સાથે જોઇએ.
આ સંબંધમાં તુલસીદાસજી કહે છે કે—

ચોપાઇ—નરસમાન નહીં કવનેઉ દેહી, જીવ ચરાચર યાચત જેહિ;
નરક સ્વર્ગ અપવર્ગ નિશેની, જ્ઞાનવિરાગ ભક્તિ સુખદેની.
[મોક્ષવાણી પાનુ ૯૧]

ઉપર બતાવેલા ભાગવતના આધારોમાંથી, તુલસીદાસ એમ બોલ્યા છે કે–[પાનુ ૭૬]
ચોપાઈ—[૧]મમ માયા સંભવ સંસારા, જીવ ચરાચર વિવિધ પ્રકારા;
સબ મમ પ્રિય, સબ મમ ઉપજાયે, સબતેં અધીક [૨]મનુજ મોહિ ભાયે,
તેહિ મહઁ દ્વિજ, દ્વિજ મહઁ [૩]શ્રુતિધારી, તિન્હમહઁ [૪]નિગમ ધર્મ અનુસારી;
તિન્હમહઁ પ્રિય [૫]વિરક્ત મુનિ જ્ઞાની, જ્ઞાનિહુતેં અતિપ્રિય વિજ્ઞાની.
તેહિતે પુનિ મોહિ પ્રિય નિજ [૬]દાસા, [૭]**જેહિ ગતિ મોરી, ન દૂસરી આશા.**
પુનિ પુનિ સત્ય કહૌં તોહી પાંહિ, મોહિ સેવક સમ પ્રિય કોઉ નાંહીં.
ભકિતહીન [૮]વિરંચી કિન હોઈ, સબ જીવન સમ પ્રિય મોહિ સોઇ.
ભકિતવંત અતિ નીચૌ પ્રાણી, મોહિ પરમપ્રિય યહ મમ વાણી.

મનુષ્યો દેવતાઓને, અમુક મંત્રોથી વશ કરી શકે છે. ભૂત પ્રેતાદિને પણ, પોતાને આધીન ચલાવે છે. સિંહ વાઘ વિગેરે ભયંકર પ્રાણીઓને, સરકસમાં, પોતાની મરજી પ્રમાણે રમાડી શકે છે. સર્પાદિ ઝેરી પ્રાણીઓને, મંત્રથી વશ કરી લે છે. શ્રાદ્ધાદિ સત્ક્રિયાઓ કરીને, મરણ પામેલાં પિતૃઓને, પ્રસન્ન કરી શકે છે. તપથી ત્રણલોકને ડોલાવી શકે છે. ભક્તિથી ભગવાનને પોતાના કરી લે છે. અત્યારે વિજ્ઞાનના જમાનામાં, મનુષ્ય શું નહીં કરી શકે; તે કહેવાય એવું નથી. 'કાળા માથાનો માનવી, ચાય સો કરે;' એવી કહેવત સાચી પડતી જાય છે.

આ મનુષ્યલોક કર્મભૂમિ છે. એટલે કર્મોનો આગલા પાછલો હિસાબ, અહીં ખતમ કરવાનો છે. કેવાં કર્મ કરવાં; અને કેવાં કર્મ તજવાં; તે દરેક દેશમાં, દરેક ધર્મમાં, શાસ્ત્રો ઘણીજ ચોખવટથી, લોકોને સમજાવે છે. પૂર્વનાં પાપકર્મોનો નાશ કરવાની, અહીં સગવડ છે. પૂર્વનાં કર્મોનો નાશ કરીને, સ્વર્ગમાં જવા જેવાં કર્મો કરવાની, અહીં સગવડ છે. સ્વર્ગથી પણ આગળ, જ્યાં ગયા પછી, પાછા આવવું નથી; એવું પરમ પદ, તે પણ પામવા માટે, જોઇએ એવાં કર્મો, અહીં (આ દેહે) બની શકે છે. પૂર્વે કરેલાં કર્મોનાં ફળ ભોગવવાની, દેવલોકમાં રજા છે; પણ નવાં સત્કર્મ ત્યાં બની શકતાં નથી. **ते तं भुक्त्वा, स्वर्गलोकं विशालं** વિગેરે શબ્દોથી, શ્રીકૃષ્ણ કહે છે કે–'કર્મોનાં ફળ પૂરાં ભોગવાઇ રહેતાં, જીવ સ્વર્ગમાંથી મનુષ્યલોકમાં ખરી પડે છે. શ્રીરામચંદ્રમાં કેવટનો અનન્ય ભાવ જોઇને, દેવોએ કેવટ ઉપર, પુષ્પવૃષ્ટિ કરી હતી. ભીષ્મની પિતૃભક્તિ જોઇને,

૧ મારી માયાથી જીવો ઉત્પન્ન થાય છે. ૨ માણસ ૩ વેદ ભણેલો. ૪ વેદની આજ્ઞાને પાળનારો ૫ વૈરાગી. ૬ ભક્ત. ૭ જેને મારા સિવાય બીજી વસ્તુ પ્રિય નથી. ૮ બ્રહ્મા.

દેવોએ ભીષ્મના ઉપર, પુષ્પ વૃષ્ટિ કરી હતી. ભૃગુ, વસિષ્ટ, આંગિરસ અને એવા ઋષિઓને, દેવો પણ પૂજે છે. તાત્પર્ય–મનુષ્યનો અવતાર ઉત્તમ છે; અને તે દેવો કરતાં પણ ઉત્તમ છે. નામ—જપ.

પ્રભુના નામનો મહિમા ઘણો છે; અને નામના જપનો મહિમા, નામ કરતાં ઘણો છે. નામ જપનારાં ઘણાં છે; પણ તેમાં કોઇ મનથી જપે છે; અને કોઈ તનથી જપે છે. કોઇ છળથી જપે છે; અને કોઇ પાખંડથી જપે છે. હાથીએ 'હે હરિ!' કહેતાં, હરિ ત્યાં હાજર થયા. દ્રૌપદીએ કૌરવ સભામાં, પ્રભુનો પોકાર કરતાં, પ્રભુ ત્યાં હાજર થયા. નરસીમહેતાએ પોકારતાં, પ્રભુ અનેકવાર પહોંચી વળ્યા. એવા અનેક ભકતોનાં પ્રભુએ કામ કર્યા છે. છતાં–હજી લાખો–કરોડો–અને અબ્જો, નામ જપનારા ભકતોને, પ્રભુ ઝાંખી પણ કરાવતા નથી. નળમાં પાણી ઘણું છે; પણ ચકલીમાં કેમ આવતું નથી? કાંઇ આડું આવ્યું છે? આભે ઘમઘોર ગર્જે છે; પણ વરસાદનું ફોરૂં કેમ પડતું નથી? 'જપનારને સ્વપ્ને પણ, પ્રભુ કેમ આવતા નથી? 'કાં પ્રભુ એમ અવળા?' 'કાં પ્રભુ એમ પક્ષપાતી?' એવો વિદ્વાનોએ વિચાર કરીને, જપમાં થતી ભૂલોને, શોધી કાઢી છે. સાંભળો—

सन्निंदाऽसति नामवैभवकथा, श्रीशेशयोर्भेदधीः ।
अश्रद्धा श्रुतिशास्त्रदैशिकगिरां, नाम्न्यर्थवादभ्रमः ॥
नामास्तीति निषिद्धवृत्तिविहित–त्यागो हि धर्मांतरैः ।
साम्यं नाम्नि जपे शिवस्य च हरेर्–नामापराधा दश ॥

નેપાળાની ગોળીમાં સાચ છે; એટલું અત્યારે કળીયુગમાં, નામમાં સાચ નથી. વીંછી કરડયો હોય; ત્યારે દવાથી દુઃખ ઓછું થાય. માત્ર નામ લેવાથી દુઃખ ઓછું થતું નથી. તો નામ કરતાં, દવામાં વધારે તાકાદ દેખાય છે. તો તે શું છે? વિચારવું જોઇએ. આવરણુ તોડવાં જોઇએ; પડદો ચીરવો જોઇએ. કયા કયા આવરણ છે; તે વિચારવાં જોઇએ. સાંભળો—

અર્થ—પ્રભુનાં નામ જપનારે, નીચે જણાવેલાં દશ અપરાધથી મુકત રહેવું જોઇએ. ૧ સત્પુરૂષની નિંદા, ૨ નાસ્તીક પાસે નામ મહિનાની કથા કરવી તે અપરાધ. ૩ વિષ્ણુનો શિવથી ભેદ ગણવો તે. ૪ શિવનો વિષ્ણુથી ભેદ. ૫ શ્રુતિવાકયમાં અશ્રદ્ધા, ૬ શાસ્ત્રવાકયમાં અશ્રદ્ધા, ૭ ગુરૂવાકયમાં અશ્રદ્ધા, ૮ નામમાં અર્થવાદનો ભ્રમ. ૯ હું નામ જપું છઉં; તેથી અનેક પાપ કરૂં; તો પણ મારે ડરવાનું નથી; એવું આચરણ. આ પ્રમાણે કર્તવ્યનો ત્યાગ. ૧૦ અન્ય ધર્મનાં દેવ દેવીઓનાં નામની, દ્વેષથી ચર્ચા–ગુણ દોષની તુલના. આ દશ વિષ્ણુના અથવા શિવના, અથવા અન્ય દેવના જપમાં આવરણરૂપ છે.

નીચેનો દોહરો આ શ્લોકને સ્પષ્ટ કરે છે—

'રામ રામ તો સબ કહે, દશરિત કહે ન કોઈ;
એકવાર દશરિત કહે, તો કોટિ યજ્ઞફળ હોઈ'—સીયાવર.

આ દોહરામાં 'દશરિત' શબ્દ છે; તે 'દશરથ' શબ્દ નથી. દશરિત એટલે ઉપર જણાવેલા દશ અપરાધ વિનાનો જપ. કોઇ કોઇ સંત દશરિતને બદલે 'દશરથ' શબ્દ લઇને, 'દશે ઇંદ્રિયો સાથે જપ કરવો;' એમ કહે છે. તે પણ ઠીક છે. વાદમાં વખત ગાળવો નહીં.

દંભ-પાખંડ અથવા ઢોંગ ધતુરા—દંભ પાખંડ અગર ઢોંગ ધતુરાથી, લોકો છેતરાય; પણ પ્રભુ છેતરાય નહીં. માટે સાચા માણસે, દંભાદિ કરવાની લગીર પણ જરૂર નથી. સરલતામાં જેટલો આનંદ, નિર્ભયતા અને ધર્મ છે; તેટલો દંભાદિમાં નથી. અનાદિકાળથી દંભ નિંદાય છે.

છપ્પો

[1]જટા ધરે વડવૃક્ષ, પતંગ નિજ બાળે કાયા;
જળચર જળમાં ન્હાય, ધ્યાન ધરવા [2]બગ ધાયા;
[3]ગાડર મુંડાવે શીશ, [4]અજા મુખ દાઢું રાખે.
[5]ગર્ધવ [6]લોટે છાર, [7]શુક મુખ રામજ ભાખે.
વળી મોર તજે છે [8]માનુની, શ્વાન સકળનું ખાય છે.
કવિ શામળ કહે સાચા વિના, કોણ સ્વર્ગમાં જાય છે?

૨

ઉંચું ભાળે ઉંટ, વાગોળ નીચું [9]ન્યાળે;
[10]તરૂવર સહે છે તાપ, પહાડ આસન દઢ વાળે,
ઘર કરી ન રહે નાગ, ઉંદરો રહે [11]છપીને
[12]નોળી કર્મ [13]ગજરાજ, ભક્ષ ફળ પત્ર [14]કપીને.
ઇશ્વર અનુભવ વિણ નવ મળે, સહેજ ભાવના [15]ભંગ છે;
શામળ મનસા સિદ્ધ તેહને, કાથરોટમાં ગંગ છે.

તાત્પર્ય—સાચો માણસ જોઇએ. ઢોંગ ધતુરાવાળો માણસ 'હું' નથી.

મનુષ્યના આયુષ્યની કિંમત—

आयुषः क्षण एकोऽपि, सर्वरत्नैर्न लभ्यते ।
नीयते तद्वृथा येन, प्रमादः सुमहानहो ॥

[યોગવા. ૭-૧૭-૭૮]

અર્થ—ગુરૂ-વસિષ્ઠ કહે છે કે 'હે રામ! ત્રણ લોકનાં તમામ રત્નો, યમને આપી દઇએ; તો પણ તેના બદલામાં, એક ક્ષણનું આયુષ્ય પણ, મળી શકતું નથી. આ મોંઘી ક્ષણો, જે વૃથા ગાળે; તેમનો પ્રમાદ બહુજ મોટો ગણાય છે. પુષ્પો દેવને ધરાય; તેમ માનવીની મોંઘી પળો, સત્કર્મમાં વપરાય. પુષ્પો કરમાઇ જાય; તે ઠીક; પણ પુષ્પો પગ નીચે કચરાઇ જાય; તે લગીરે ઠીક નથી. તે પ્રમાણે મનુષ્યની મોંઘી પળો, નિર્દોષ પડી રહે; તે ઠીક છે; પણ ખોટા કામમાં પેસીને, પાપના ઢગલા કરી નાંખે; તે લગીરે ઠીક નથી.

पुनर्वित्तं पुनर्मित्रं, पुनर्भार्या पुनर्मही ।
एतत्सर्वं पुनर्लभ्यं, न शरीरं पुनः पुनः ॥

અર્થ—આ સંસારમાં ધન, મિત્ર, સ્ત્રી અને પૃથ્વી વિગેરે, ફરી ફરી મળે છે; પણ દુર્લભ મનુષ્ય દેહ ફરી ફરી મળતી નથી.

૧ વડવાઈઓ. ૨ બગલા. ૩ ઘેટાં. ૪ બકરો. ૫ ગધેડો. ૬ રાખમાં આળોટે. ૭ પોપટ. ૮ સ્ત્રી. ૯ જુએ. ૧૦ ઝાડ. ૧૧ સંતાઈને. ૧૨ નાકેથી પાણી પીએ. ૧૩ હાથી ૧૪ વાંદર. ૧૫ ભાવનાના ભોગી-રંગી.

આ દેહ અબજોની મીલ્કત કરતાં મોંઘો છે; પણ દેહમાંથી પ્રાણ નીકળી ગયા પછી તો—અજબ વસ્તુ, ગજબ ગંધાઈ ઉઠે છે—

[પૃથ્વી વૃતં]

विकीर्णहरिचंदन-द्रविणि यत्र लोलाऽलसाः ।
निपेतुरतिचंचलाश्-चतुरकामिनीदृष्टयः ॥
तदेतदुपरि परिभ्रमन्, निबिडगृध्रजालं जनैः ।
लुठत्क्रमि कलेवरं, पिहितनासिकैर्वीक्ष्यते ॥

અર્થ—જે શરીર ઉપર ઉંચા પ્રકારના ચંદનના લેપ થતા હતા; તથા સુગંધિ વાળા અત્તરો ચોળાતાં હતાં; જે શરીરને જોઇને, ચપળ નેત્રવાળી સુંદરીઓ, લલચાઇ જતી હતી; વળી જેના ઉપર ચમર ઢોળાતા હતા; તે શરીર ઉપર આજે, ગીધ પક્ષીઓ ઉડી રહ્યાં છે. તે શરીર જોવું ન ગમે; એવું આજે બની ગયું છે; કારણકે તેમાં અસંખ્ય કીડાઓ ખદબદી રહ્યા છે. તે શરીર આજે એટલું બધું ગંધાય છે કે–તે શરીર પાસે આવનારા લોકો, પોતાનું નાક દબાવીને આવે છે.

'અરે! શું આ માનવનું અભિમાન,
પલકમાં પડી ગયું રે!
ખલકમાં ખોવાઇ ગયુંરે–'

'ઇશ્વર છે' એવું જ્ઞાન, પાપીઓને પણ થાય; તે વ્હાલા સગાના મરણનો પ્રસંગ છે. નાસ્તીક ઘમંડી માણસ, સંત શાસ્ત્ર પાસે કદિ જતો નથી. આ સંસારમાં અનેકના જુવાન દીકરા મરી જાય; તો પણ તેને કાળજે ઘા વાગતો નથી. આવા પત્થર જેવા અજ્ઞાનીને પણ, ચેતવવા માટે, એક યુક્તિ શ્રીહરિએ પોતાના હાથમાં રાખી છે. તે એ કે જ્યારે તેનો પોતાનો વ્હાલો પુત્ર, અથવા થનગન નાચતી વ્હાલી સ્ત્રી, મરી જાય છે; ત્યારે તેને લમણામાં વાગે છે–ચકરી આવે છે–ક્યાંઇ ગોઠતું નથી. ત્યારે તેને વિચાર થાય છે કે–'ભાઇ હમણાં બોલતો હતો; તે ક્યાં ગયો? કોણે તેને લઇ લીધો? આ સંસારથી પર, કોઇ સત્તા છે કે શું? આમ ઘડીકમાં મરી જવાનું છે; તો આ મારૂં મેળવેલું શા કામનું? ત્યારે શું મારૂં પણ આમજ થવાનું છે? મારે પણ એક દિવસ, આ કરોડોનું ફરનીચર તજીને, જવું પડશે? નહીં ચાલે? આ દુનિયાથી અન્ય કોઇ દુનિયા, છે કે શું? કે જ્યાં, આ મરી જનારાં બધાં, જઇને વસે છે? ત્યારે આ બધી વ્યવસ્થા કરનાર કોણ છે? જેને લોકો ઇશ્વર કહે છે; તે તેજ હશે? તેનું ચલાવ્યું; આ જગત્ ચાલતું હશે? ત્યારે એ ઇશ્વર, આપણને કેમ દેખાતો નથી? એ ઇશ્વરનાં દર્શન કોણ કરાવે? 'વિગેરે વિગેરે'

મરનારની પાછળ, મરનારના ઘરમાં, ભાગવતાદિ એક વરસ સુધી વંચાય છે. તેનો હેતુ એજ છે કે–મરનારના વિયોગમાં, વ્હાલાં સગાંઓને અનાયાસે વૈરાગ્ય થઇ આવે છે. વૈરાગ્યથી ઢીલાં પડેલાં અંતઃકરણમાં, આવેલું જ્ઞાન ટકી શકે છે. પછી ઇશ્વર પ્રાપ્તિ અર્થે, તે જીવ સંત બ્રાહ્મણને શરણે જાય છે. સંત બ્રાહ્મણ હોશીયાર હોય; તો તે જીવને આડો અવળો ભટકાવવા કરતાં, એમ કહે છે કે–'તું પ્રથમ તને જાણ! પોતે પોતાને જાણવો; તે પરમાત્માને જાણવાની સાચી ચાવી છે.' **अथातो ब्रह्मजिज्ञासा !**

નવ જણા નદીમાં નાવા પડયા. બહાર નીકળીને એકબીજાને ગણવા લાગ્યા; તો આઠ થયા. સૌએ ફરી ફરી ગણ્યા; તોપણ આઠ થયા 'હાય હાય એક ગયો રે' એમ કહીને, સૌએ પોક મૂકી. રસ્તે જતા ડાહ્યાએ તેમને ગણ્યા; તો નવ થયા. સૌને ખાત્રી થઇ કે-પોતે પોતાને ગણતો નહોતો; તેથી આ ભૂલ થઈ. [ઢોલક કાંસીજોડા તૈયાર કરો.]

પદ. [કેશવકૃતિ.]

વાસીદે સાંબેલું રે, હો,
વાસીદે સાંબેલું રે હો; વહાલા ચાલ્યું જાય છે–હોજી!
અંતર ને અજ્ઞાને રે હો (૨) ફોગટ ફેરો થાય છે હોજી—વાસીદે૦

ક્યાંથી આવ્યા?–ક્યાં જાવું છે? કેવી જાત વિજાત;
ક્યાં છે ઇશ્વર?–કેમ મળે તે? ક્યાં માતા ને તાત?
અજ્ઞાને ઘેરાણો રે–દાડે શું દગાય છે–હોજી—વાસીદે૦

મૃગજળને તેં સાચું માન્યું, મણીને માન્યો કાચ;
વિષને અમૃતરૂપ ગણ્યું તેં, ભૂલ્યો ભાઈ કદાચ;
રાખમાં રોળાણો રે–દાડે શું દગાય છે હોજી—વાસીદે૦

'જાગ્યા ત્યાંથી સવાર ગણવું,' એમ કહે છે લોક;
ભૂલ્યા ત્યાંથી પાછું વળવું, પછી રહે નહીં શોક;
સાચી તો શીખામણ રે, ડાહ્યાને દેવાય છે હોજી—વાસીદે૦

કાયા કાચ તણી આ કોઠી, ફટ દઈ ફૂટી જાય;
આયુષ્યની આશા પણ શાની? અધવચ તૂટી જાય;
અંતે આંખ વીંચાતાં રે હો–
અંતે આંખ વીંચાતાં રે હો–**હરિ** હાય હાય છે–હોજી—વાસીદે૦

હવે '**હું**' **જીવ કેવી રીતે**? તે સાંભળો—
આવી ભૂલ કરનારને, ભગવાન શ્રીકૃષ્ણ એમ કહે છે કે— [ગીતા અ. ૧૫]

उत्क्रामंतं स्थितं वापि, भुंजानं वा गुणान्वितम् ।
विमूढा नानुपश्यंति, पश्यति ज्ञानचक्षुषः ॥१०॥

અર્થ—શરીરને તજી દેનારો, મન ઈંદ્રિયોના ગુણો સહિત, બીજા શરીરમાં જઇને વસનારો, તથા સંસારના જે ભોગ ભોગવનારો છે; તે જીવાત્માને મૂઢ લોકો જાણતા નથી. જ્ઞાનીઓજ જીવાત્માને જાણે છે. [૧૦]

સંસારના અનુભવમાં પાસ થએલા માણસોએ, મુમુક્ષુ થવું જોઇએ—

અપરોક્ષાનુભૂતિ.

संसारबंधनिर्मुक्तः, कथं मे स्यात् कदा विधे ।
इति या सुदृढा बुद्धिर्-वक्तव्या सा मुमुक्षुता ॥ ९ ॥

અર્થ—હે વિધાતા! આ સંસારરૂપી બંધનથી મારી મુક્તિ, કેવી રીતે અને કયારે થશે? એવી જે સુદૃઢ બુદ્ધિ, અથવા તીવ્ર વાસના, તે મુમુક્ષુપણું ગણાય છે. [૯]

મુમુક્ષુપણું કેવા તપથી ઉછરે; કેવા વિચારથી ફાલે?

उक्तसाधनयुक्तेन, विचारः पुरुषेण हि ।
कर्तव्यो ज्ञानसिद्ध्यर्थ-मात्मनः शुभमिच्छता ॥१०॥
नोत्पद्यते विना ज्ञानं, विचारेणान्यसाधनैः ।
यथा पदार्थभानं हि, प्रकाशेन विना क्वचित् ॥११॥

અર્થ—શમદમાદિ સાધનોથી યુક્ત, અને પોતાનું કલ્યાણ ઇચ્છનાર પુરૂષે, જ્ઞાનની સિદ્ધ માટે, વિચાર કર્યા કરવો જોઇએ. [૧૦] અંધારામાં પડેલા પદાર્થોનું ભાન, જેમ પ્રકાશ વિના થઇ શકતું નથી; તેમ અજ્ઞાનમાં સંતાએલા 'હું'નું જ્ઞાન, વિચાર વિના, બીજા અન્ય સાધનોથી થતું નથી. [૧૧]

આત્મા અનાત્મા સંબંધી, કેવા વિચાર કરવા જોઇએ? તે પણ સાંભળો—

कोऽहं कथमिदं जातं, को वै कर्ताऽस्य विद्यते ।
उपादानं किमस्तीह, विचारः सोऽयमीदृशः ॥१२॥

नाहं भूतगणो देहो, नाहं चाक्षगणस्तथा ।
एतद्विलक्षणः कश्चिद्-विचारः सोऽयमीदृशः ॥१३॥

अज्ञानप्रभवं सर्वं, ज्ञानेन प्रविलीयते ।
संकल्पो विविधः कर्ता, विचारः सोऽयमीदृशः ॥१४॥

एतयोर्यदुपादान-मेकं सूक्ष्मं सदव्ययं ।
यथैव मृद्धटादीनां, विचारः सोऽयमीदृशः ॥१५॥

[નર્યાં રત્નો છે. જે જે સંપ્રદાયોમાં, જ્યાં જ્યાં આવા વિચારોને, માયાવાદ કહીને વગોવ્યો છે; અને અજ્ઞાન સમાજને, આવા ઉત્તમ ગ્રન્થોથી વિમુખ રાખ્યો છે; તે તે સંપ્રદાયે ધર્મદ્રોહ કર્યો છે. સંપ્રદાયોમાં અંદર અંદર કજીયા હોય; તો તે કારણે, સમાજે આવા ગ્રંથોથી વિમુખ રહેવું નહીં. વિશાળ દૃષ્ટિથી સત્યને વિચારવું.

अहमेकोऽपि सूक्ष्मश्च, ज्ञाता साक्षी सदव्ययः ॥
तदहं नात्र संदेहो, विचारः सोऽयमीदृशः ॥ १६ ॥

અર્થ—'હું કોણ? આ કેમ ઉત્પન્ન થયું? આનો કર્તા કોણ છે? અહીં ઉપાદાન શું છે?' આવા પ્રકારનો વિચાર, તે આત્મવિચાર કહેવાય છે. [૧૨] 'ભૂતોના સમુહરૂપ સ્થૂળ શરીર હું નથી; ઇંદ્રિયોના સમુહરૂપ પણ હું નથી; તેમનાથી વિલક્ષણ–કોઇક હું છઉં' આવા પ્રકારનો વિચાર, તે આત્મવિચાર છે [૧૩] "સર્વ અજ્ઞાનથી ઉત્પન્ન થયું છે; અને આ અજ્ઞાન જ્ઞાન વડે નાશ પામે છે; 'હું કરીશ; હું ભોગવીશ; હું મારીશ; હું આવીશ;' વિગેરે જુદા જુદા સંકલ્પ કરનાર, હું છઉં" આવા પ્રકારનો વિચાર થાય; તે આત્મ વિચાર છે. [૧૪] "જેમ ઘટાદિનું ઉપાદાન કારણ માટી છે. સોનાના ઘરેણાનું ઉપાદાન કારણ સોનું છે. તેમ આ જગત્‌નું, અને જીવનું ઉપાદાન કારણ, બ્રહ્મ છે. તે બ્રહ્મ એક સૂક્ષ્મ, સત્ અને અવ્યય છે." આવા પ્રકારનો વિચાર કરવો; તે આત્મવિચાર છે. [૧૫] "હું કે જે અદ્વિતીય, સૂક્ષ્મ, જ્ઞાતા, સાક્ષી, સત્ અને અવ્યય છઉં; તે હું બ્રહ્મ છઉં. આ બાબતમાં સંદેહ નથી." આવા પ્રકારનો વિચાર કરવો; તે આત્મવિચાર છે. [૧૬]

પંચદશી નાટકદીપ બોલે છે કે—

अविचारकृतो बंधो, विचारेण निवर्तते ।
तस्माज्जीवपरात्मानौ, सर्वदैव विचारयेत् ५ ॥

અર્થ—સંસારરૂપી આ શી મુંઝવણ છે; એમ વિચાર પણ ન કરે; તેને મુંઝવણુ મુંઝવ્યાજ કરે છે. મુંઝવણનો જે વિચાર કરે; મુંઝવણને મટાડવા, જે પ્રયત્ન શોધ્યા કરે; તેને પ્રયત્ન જડી આવે. જાણેલા ઉપાયનો ઉપયોગ કરતાં, મુંઝવણુ ઓછી થાય; અથવા તદ્દન મટી જાય. તેથી જીવ અને પરમાત્મા સંબંધી, સદા વિચાર કર્યાં કરવો જોઇએ. [૫]

ગુરૂવસિષ્ઠ શ્રીરામને કહે છે કે—

अद्यैव यः चिकित्सां, न करोति मरणापदः ।
संप्राप्तायां मृतौ मूढः, करिष्यति किमातुरः ॥

[યોગ વા. ૭–૧૦૩–૩૮]

'પછી કરીશ' એ વાતને જવા દે. 'ઘરડો થઇશ; ત્યારે કરીશ;' તે વાતને પણુ જવા દે.' ઘરડા થયા પહેલાં, ઉડી પડયા તો? કયારે અહીંથી ઉપડવાનું છે; તેનો લેખ લખાવતા આવ્યા છો? ના–તો મોતને માટે, સદાએ તૈયારજ રહેવું પડે છે. સાંભળો—

ભાવાર્થ—**अद्य** અને **एव**–આજેજ. મરણુરૂપી આફતનો વિચાર આજેજ કરવો જોઇએ. મરણુ અચાનક આવીને, ઉભું રહેશે. ત્યારે તું બાવરો બની ગયો હોઇશ. રોગોમાં શેકાઇ રહ્યો હોઇશ. આંખે ઘેન આવ્યું હશે. કાનના દેવ, ઉડી ગયા હશે. આવી આતુર (બાવરી) દશામાં, કાંઇ પણુ નહી બની શકે. હજી ન માનતા હો; તો જેની પાસે હજારો હકીમો–વૈદ્યો, ડોકટરો, હાજર હાજર હતા; એવા સિકંદર, નાદીર, અકબર અને આલમગીરને પૂછી જુઓ! કે–'મરવા વખતે આપ સાવધાન હતા?' મરવા વખતે આપના બહાદુર હકીમોએ–વૈદ્યોએ, આપને કેમ સાવધાન રાખ્યા નહીં?' બસ! આયુર્વેદનું ડહાપણુ અહીં સુધીજ છે? આગળ નથી? વિગેરે. **'મનુષ્ય દેહ હું નથી;' તે વાત સાંભળો—**

હું કોણુ? તેનો વિચાર કરતાં; પ્રથમ આ મનુષ્યદેહનો વિચાર કરી લઇએ.

अहं शब्देन विख्यातः, एक एव स्थितः परः ।
स्थलस्त्वनेकतां प्राप्तः, कथं स्याद्देहकः पुमान् ॥३१॥
अहं द्रष्टृतया सिद्धो, देहो दृश्यतया स्थितः ।
ममायमिति निर्देशात्, कथं स्याद्देहकः पुमान् ॥३२॥
अहं विकारहीनस्तु, देहो नित्यं विकारवान् ।
इति प्रतीयते साक्षात, कथं स्याद्देहकः पुमान् ॥३३॥
यस्मात् परमिति श्रुत्या, तया पुरुषलक्षणं ।
विनिर्णीतं विमूढेन, कथं स्याद्देहकः पुमान् ॥३४॥
सर्वं पुरुष एवेति, सूक्ते पुरुषसंज्ञिते ।
अप्युच्यते यतः श्रुत्या, कथं स्याद्देहकः पुमात् ॥३५॥
असंगः पुरुषः प्रोक्तो, बृहदारण्यकेऽपि च ।
अनंतमलसंश्लिष्टः, कथं स्याद्देहकः पुमान् ॥३६॥
तत्रैव च समाख्यातः, स्वयंज्योतिर्हि पूरुषः ॥
जडः परप्रकाश्योऽसौ, कथं स्याद्देहकः पुमान् ॥३७॥

(નર્યાં રત્નો.) [અપરોક્ષાનુભૂતિ.]

આ પુસ્તક આપના ઘરમાં છે કે નહીં? નહોય; તો–તેની કીંમત આઠ આનાને બદલે, ચાતુર્માસમાં છ આના કરી; પોસ્ટેજ દોઢ આનો. તોપણ હજી ઉંઘો છો? શ્લોકો કેવા સરલ! અને મુદ્દાની વાતો કરનારા છે!

અર્થ—'હું' એવા શબ્દથી જે પ્રખ્યાત છે; તે એક છે; અને તે સવથી શ્રેષ્ઠ છે. દેહમાં સ્થૂલપણું છે; અને અનેકપણું છે. તેથી દેહ આત્મા હોઇ શકે નહીં. એટલે 'હું દેહ છઉં;' એમ સમજવું; વ્યાજબી નથી. [૩૧]

૩૧ વિવેચન—

હાથ, પગ, માથું, છાતી વિગેરેથી, આ શરીર બન્યું છે. 'હાથ હું નથી;' 'પગ હું નથી;' 'માથું પણ હું નથી.' તો 'હું કોણ?' આ દેહને કદિ હું કહો; તો તે પણ હું નથી. કારણકે–'દેહ મારો છે;' એમ કહેવાય છે. તાત્પર્ય–'મારો' કહેનારો 'હું' દેહથી જુદો છઉં. ઘરમાં રહેનારો માણસ, ઘરથી ન્યારો છે; તેમ દેહમાં રહેનારો જીવ, દેહથી ન્યારો છે. 'દેહમાં રહેનારો જીવ, દેહથી ન્યારો હોય; તો દેહ ચાલે હાલે કેમ?'–તેનો ખુલાસો કરીએ-શૃંખલાં નામનાં પ્રાણી, સમુદ્રમાં થાય છે. તે શંખમાં વસે છે. આ જે શંખ દેખાય છે; તે શૃંખલાનું ઘર છે. તેમાં ખાસ ખુબી એ છે કે–શૃંખલાં જ્યાં જ્યાં હરે ફરે છે; ત્યાં ત્યાં શંખમાં બેસીને, તે હરે ફરે છે. એટલે શંખ જડ છે; છતાં શૃંગાલાના બળથી, શંખ શૃંખલાની સાથે હરે ફરે છે. તેમ આ દેહ જડ છે; પણ ચેતનના બળથી, ચેતન સાથે, દેહ હરે ફરે છે. આપણે આપણી થોડીક અક્કલથી, આટલુંજ જાણી શકીએ; બાકી તો ઇશ્વિરની શક્તિ અકલ છે. હવે ૩૨ નો અર્થ સાંભળો—

અર્થ—આ સ્થૂલ શરીર, પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશનું બનેલું છે. આત્મા અદસ્ય છે; સ્થૂલ શરીર દસ્ય છે. વળી 'આ મારૂં શરીર છે;' એમ આપણે કહીએ છઇએ; એટલે દેહના માલીક આપણે છઇએ. આપણે દેહથી જુદા છઇએ. ત્યારે 'હું દેહ છઉં;' એમ કહેવું વ્યાજબી નથી. [૩૨] હું આત્મા વિકારથી રહિત છઉં?' સ્થૂળ શરીર સદા વિકાર વાળું છે; આ પ્રમાણે દીવા જેવી સ્પષ્ટ વાત છે; તો પછી–'હું દેહ છઉં;' એમ સમજવું વ્યાજબી નથી. [૩૩] **यस्मात परं**–આ જગતથી પરમાત્મા શ્રેષ્ઠ છે. એવા પ્રકારની શ્રુતિથી, આત્માનું લક્ષણ બહુ સારી રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે. તો પછી 'હું દેહ છઉં;' એમ સમજવું વ્યાજબી નથી. [૩૪] '**पुरुष एव इदं सर्वं** (પુરુષસૂક્તની શ્રુતિ) આ સર્વ જગત્ પુરુષજ છે' એમ બોલનારી શ્રુતિથી, આત્માનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે; તો પછી 'હું દેહ છઉં;' એમ કહેવું વ્યાજબી નથી [૩૫] બૃહદારણ્ય ઉપનિષદ્‌માં '**असंगो ह्ययं पुरुषः**–આ આત્મા અસંગ છે;' એવી શ્રુતિ છે. આ શ્રુતિવડે આત્માને અસંગ કહ્યો છે; અને દેહ તો અનેક કર્મોના સંગવાળો છે. તો પછી 'હું દેહ છઉં' એમ કહેવું વ્યાજબી નથી. [૩૬] [સાવધાન છોને? વિચારીને વાંચો છોને? ઉતાવળ કરવાની લગીર પણ જરૂર નથી. જ્યાં બેસીને વાંચતા હો; ત્યાં આસપાસ શાંતિ છેને? આંધળી દળે; અને કુતરાં ચાટે; એવું તો થતું નથી ને? બસ! સમાગમને સફળ કરો! સાવધાન રહો; તો વિજય આપણો છે.] '**अत्र अयं पुरुषः स्वयंज्योतिर्भवति**–અહીં આ આત્મા, સ્વયં પ્રકાશ છે.' આ શ્રુતિ પણ, ત્યાંજ (એટલે બૃહદારણ્યક ઉપનિષદ્‌માં–અધ્યાય ૪થો ત્રીજું બ્રાહ્મણ, ૧૬ મા શ્લોકમાં) છે. આ શ્રુતિ

આત્માને સ્વયં પ્રકાશ ગણે છે; અને દેહને પર પ્રકાશ્ય ગણે છે; તો પછી 'હું દેહ છઉં' એમ સમજવું વ્યાજબી નથી. [૩૭]

રાગ–માલિની–[વિવેકચૂડામણિ.]

जहि मलमयकोशेऽ-हंधियोत्थापिताशां ।
प्रसभमनिलकल्पे, लिंगदेहेऽपि पश्चात् ॥
निगमगदितकीर्ति, नित्यमानंदमूर्तिम् ।
स्वयमिति परिचीय, ब्रह्मरूपेण तिष्ठ ॥ ३९५ ॥

અર્થ—માતાપિતાનાં રજ, અને વીર્યરૂપ ગંદા પદાર્થોમાંથી, ઉત્પન્ન થએલા સ્થૂલ દેહમાં, હું પણાની બુદ્ધિએ, ઉત્પન્ન કરેલી વાસનાને, તું જોર કરીને તજી દે. પછી પવન સરખા ચંચળ, સૂક્ષ્મ શરીરમાં પણ, થએલી વાસનાને, જોર કરીને તજી દે. 'વેદે જેનો મહિમા વર્ણવ્યો છે; એવું નિત્ય અને આનંદરૂપ જે બ્રહ્મ છે; તેજ હું છઉં,' એમ અનુભવ કરીને, તું આત્મનિષ્ટા રાખ. [૩૯૫].

माता पित्रोर्मलोद्भूतं, मलमांसमयं वपुः ।
त्यक्त्वा चांडालवद्दूरं, ब्रह्मीभूय कृती भव ॥ २८७ ॥

[વિવેકચૂડામણિ.]

અર્થ—માતાના રજ (લોહી) રૂપ, અને પિતાના વીર્યરૂપ મળથી, ઉત્પન્ન થએલું, અને વિષ્ટા તથા માંસથી ભરેલું, સ્થૂળ શરીર, હે શિષ્ય ! તું નથી. માટે ચાંડાળમાં જેમ તને પ્રીતિ થતી નથી; તેમ શરીરમાં પ્રીતિ કરવી રહેવા દે; અને બ્રહ્મસ્વરૂપ થઇને, તું કૃતાર્થ થા ! [૨૮૭]

રાગ–ઉપજાતિ.

देहोऽहमित्येव जडस्य बुद्धिर्-देहे च जीवे विदुषस्त्वहंधीः ।
विवेकविज्ञानवतो महात्मनो, ब्रह्माहमित्येव मतिः सदात्मनि ॥ १६० ॥

[વિવેકચૂડામણિ]

અર્થ—'હું દેહ છઉં,' એમ જડ (અજ્ઞાની) પુરૂષ બોલે છે. વિદ્વાનને દેહમાં અને જીવમાં, અહંબુદ્ધિ હોય છે. વિવેક વિજ્ઞાનવાળા મહાત્મા પુરૂષને, પોતાના આત્મામાં 'હું બ્રહ્મ છઉં' એવી બુદ્ધિ સદા રહે છે. [૧૬૩]

દેહ આત્મા થઈ શકે નહીં. 'દેહ હું છઉં; એમ કહેવું;' તેનાથી બીજું અજ્ઞાન કયું ? એમ હવે ખુલાસો કરે છે.

आत्मा विनिष्कलो ह्येको, देहो बहुभिरावृतः ।
तयोरैक्यं प्रपश्यंति, किमज्ञानमतः परम् ॥ १७ ॥
आत्मा नियामकश्चांतर्-देहो बाह्यो नियम्यकः । तयोरैक्यं० ॥ १८ ॥
आत्माज्ञानमयः पुण्यो, देहो मांसमयोऽशुचिः । तयोरैक्यं० ॥ १९ ॥
आत्मा प्रकाशकः स्वच्छो, देहस्तामस उच्यते । तयोरैक्यं० ॥ २० ॥
आत्मा नित्यो हि सद्रूपो, देहोऽनित्यो ह्यसन्मयः । तयोरैक्यं० ॥२१॥

અર્થ—આત્મા અવયવ વિનાનો છે; અને એક છે; અને દેહ અવયવવાળો અને જાગ્રતાદિ ઉપાધિઓથી વિંટાએલો છે. 'તે આત્મા અને દેહ–બે એક છે;' એમ જે કહે

છે; તેનાથી બીજું અજ્ઞાન કયું? એકે નહીં. [૧૭] આત્મા નિયામક છે; અને દેહની અંદર છે. આ દેહ નિયમમાં રહેનાર છે; અને બાહ્ય છે. તે આત્મા અને દેહ બે૦ [૧૮] આત્મા પ્રકાશ સ્વરૂપ અને પવિત્ર છે; દેહ માંસાદિના સમુહ રૂપ છે; અને અપવિત્ર છે. છતાં તે બન્ને એક છે; એમ કહેવું; તેનાથી બીજું અજ્ઞાન કયું? [૧૯] આત્મા પ્રકાશક અને સ્વચ્છ છે; અને સ્થૂલ શરીર તમોગુણના કાર્યરૂપ છે. છતાં–તે બન્ને એક છે; એમ કહેવું; તેનાથી બીજું અજ્ઞાન કયું? [૨૦] આત્મા નિત્ય અને સદ્‌રૂપ છે. (સદ્‌રૂપ એટલે બાધ નહીં પામનારો.) આ શરીર અનિત્ય, અને અસદ્‌રૂપ છે; છતાં તે બન્ને એક છે; એમ કહેવું; તેનાથી બીજું અજ્ઞાન કયું? [૨૧]

આપને સગાં લાખ બે લાખ હશે. આપના મરણ વખતે સાવધાન રહે; એવું કોણ છે? આપને કોઇ પરણ્યું પણ હશે! ગયા વરસના પુસ્તક ૨૦ના પાને તેજબાઇનું દૃષ્ટાંત છે. આવું દૃષ્ટાંત પચીસ પચાસ વખત કેમ વાંચતા નથી? અગ્નિ ઝરે; ત્યાં સુધી ચકમકના પત્થરને અફાળો. વારંવાર વાંચતાં, અંદર બેઠેલો આત્મા ઉશ્કેરાય! કર્તવ્યનો પોકાર કરે. મરણ પ્રસંગે શું કરવું જોઇએ; તે બરાબર સમજી શકે. મરણરૂપી આફત બુરી છે; છતાં મરનારની આફતનો, સંપૂર્ણ વિચાર કરીને, મરણ સુધારવું જોઇએ. [મરવું કેવી રીતે? ભાગ બીજો, પાનુ ૪૨ જુઓ.]

૫૬

કાંડે બાંધ્યા ગજરા પુષ્પનારે, કંઠે પુષ્પો કેરા હાર;
ભાગુ ચાલ્યાં હરિને પામવારે.
ભાલે તિલક કર્યો કેસર તણોરે, વચ્ચે કુમ કુમ કેરો ચાંદ;
ભાગુ ચાલ્યાં હરિને પામવારે.
મુખમાં તુલસી દળ ધારણ કર્યું રે, બોલ્યાં નારાયણનાં નામ;
ભાગુ ચાલ્યાં હરિને પામવારે.
સામા રાખ્યા હરિને નિરખવારે, નજરો ચોડી રાખી ત્યાંજ
ભાગુ ચાલ્યાં હરિને પામવારે.

'અંતકાળ વખતે, જેવી મતિ તેવી ગતિ.' આ પ્રાચીનકાળથી ચાલ્યો આવતો પુરાવો છે. મોટા સંતે મરતાં મરતાં, પાકેલા બોરમાં મોહ કર્યો; તો સંતને બોરમાં કીડો થવું પડયું હતું. આ વાત પણ પ્રસિદ્ધ છે. માટે મરણ વખતે મરનારે, સાવધાન રહેવું જોઇએ; એટલું જ નહીં; પણ વ્હાલા સગાઓએ પણ, સાવધાન રહેવું જોઇએ. વ્હાલા સગાએ, મરણ પથારી પાસે, નાનામાં નાના નોકર થઇ જવું જોઇએ.

આળસુ–કામ કરવે કાયર–કડવા બોલા; એવા સગાને, અથવા એવા નોકરને, કદિ પાસે રાખવા નહીં. આપણું અજ્ઞાન, અજ્ઞાનની ઓથે ઉભેલી આપણી પોતાની બેદરકારી, અને આપણા ધંધાની ધમાલ, એટલાં બધાં વધી પડયાં છે કે–આપણે મરનારના મોતની કદર, બહુજ થોડી કરીએ છીએ. વ્હાલા સગાને કેવી રીતે વળાવાય; તે આપણને આવડતું નથી. આ અપરાધ ઓછો નથી.

कुशला ब्रह्मवार्तायां, वृत्तिहीनाः सुरागिणः ।
तेप्यज्ञानितया नूनं, पुनरायांति यांति च ॥ १३३ ॥
[અપરોક્ષાનુભૂતિ.]

અર્થ—મલીનવાસનાવાળા અને સંસારમાં રચ્યાપચ્યા પુરૂષો, ભલે બ્રહ્મની કથા કરવામાં કુશળ હોય; પણ તેઓ, જન્મ મરણના રેંટમાંથી નીકળી શકતા નથી.

વક્તા—કથા કરનારની આ દશા છે; ત્યારે શ્રોતાઓએ, મુમુક્ષુઓએ, વિવેકદ્વારા મલીનવાસનાઓને, જીવનમાંથી વીણી નાંખવી જોઇએ. 'સંસારમાં કઈ કઈ બાબતમાં, હું રચ્યોપચ્યો છઉં.' તે પણ જાણી લેવું જોઇએ. સન્મિત્ર હોય; પોતાની સ્ત્રી હોય; માતાપિતા હોય; તેમની નજરે, આપણા જીવનમાં, જે જે દોષ જણાતા હોય; તે તે દોષનો, વિચાર કરવો જોઇએ. સંસારનાં પડલ, એટલાં બધાં ભયંકર છે કે–બુદ્ધિમાન, ચતુર, પંડિત, અથવા સૂક્ષ્મ વિચાર કરનાર વકીલ, ડૉક્ટર, અથવા એનજીનીયર, પોતા પાસે પડેલા, પોતાના દોષોને દેખતા નથી. શોર્ટ સાઇટવાળાએ, લાંબે નજર કરવી હોય; તો ચશ્મા પહેરવાંજ પડે. તેમ સંસારી જીવે, લાંબે નજર કરવી હોય; તો શાસ્ત્ર અને સંતરૂપી ચશ્મા પહેરવાંજ જોઇએ.

લાંબી નજર કરતાં એવું દેખાય છે કે— [વાક્યસુધા.]

अस्ति भाति प्रियं रूपं, नाम चेत्यंशपंचकं ।
आद्यं त्रयं ब्रह्मरूपं, जगद्रूपं ततो द्वयं ॥ २० ॥

અર્થ—આ જગત્‌માં–જે છે; જે પ્રકાશે છે; અને જે પ્રિય લાગે છે; તે બ્રહ્મ છે; અને નામ તથા રૂપ, તે બે જગતરૂપ છે–તે બે માયારૂપ છે.

ખાત્રી—સાંભળીને એમ ખાત્રી થઈ હશે કે–અત્યારે એંશી ટકા મનુષ્યો, પશુ જેવાં, રાક્ષસી, અથવા તામસી થઈ પડયાં છે. અત્યારે વિજ્ઞાને ત્વરાથી કામ કરી દેવા માંડયાં છે; તેમ લોકો ત્વરાથી એકબીજાનું અપમાન કરવા લાગ્યા છે. જરા વાંધો પડે; તો ત્વરાથી કજીયા કરી બેસે છે; અને તેથી પણ આગળ, એકબીજાનાં ખૂન કરી બેસે છે. પરિણામે મોઘું મનુષ્યત્વ, પાઈબે પાઇનું થઇ પડયું છે. મોજશોખ વધી પડયો છે. થોડામાં ચાલતું નથી. તેથી જેનું તેનું પડાવી લેવું; અથવા જુગારી થવું; લોકોને ગમે છે. પરિણામે–જ્યાં એક બે પોલીસ કોર્ટો હતી; ત્યાં પાંચ સાત પોલીસ કોર્ટોની જરૂર પડી છે. આ પ્રમાણે પોતે અપરાધી છે; એવું પણ ઘણા અભાગીયા લોકો, સમજી શકતાં નથી. એક બે વખત શિક્ષા પામેલા હોય; તોપણ અપરાધ કરતાં બીતાં નથી. જાણે નર્યો નફ્ટનો સંઘ! દિકરા દિકરીઓ નમાલાં થઇ પડયાં છે. ઘરનાં કામકાજ પણ કરી શકતાં નથી. તોપણ વિષયલોલુપ, એટલાં બધાં થઇ પડયાં છે કે–રોગથી અને પોતાનાં સંતાનનાં ભારથી પીડાઈ રહ્યાં છે. બરફી ઉત્તમ છે; મીઠી છે; ગળી છે; પણ પોતાને રૂચે એટલીજ ખવાય. વધારે ખાનારને, વારંવાર જાજરૂમાં જવું પડે. કડવી દવા પીવી પડે. તાત્પર્ય–આ તમામ દુઃખ મટી શકે એવાં છે; છતાં આ દુઃખને તેઓ સાધારણ ગણીને ચાલવા દે છે. ચીવટભર્યા માત્ર વિચારથીજ, થોડાં દુઃખો ઓછાં થઇ શકે. આવી રાંકડી પ્રજા–આવાં કંગાલ મનુષ્યો, 'હું કોણ?' નો વિચાર કરવા લાયક નથી. 'હું કોણ?' નો વિચાર કરવા, તેમને લાયક બનાવવાં; તે પણ એક મહાન્ પુણ્ય છે. આ પત્રિકા વાંચીને, આપ બે વાત કરવા શીખો; તોપણ સમાજને લાભ થાય. પાઇ પાઈ કરતાં પૈસો, અને પૈસો પૈસો કરતાં, રૂપૈયો થાય છે. દ્રવ્યની સગવડ હોય; તો સગાસંબંધી-મિત્રો, અને એવાં બીજાં સુધરી શકે–મનુષ્ય થઇ શકે–તેવાઓની વચ્ચે, આ પત્રિકારૂપી દીવો મુકી દ્યો. મનુષ્યના દેહમાં રહેવું; છતાં

મનુષ્ય ન થવું; તે ખોટ, પૂરી પુરાય એવી નથી. તે ભૂલ દરગુજર થઈ શકે એવી નથી. આ ભૂલ સુધાર્યા વિના, ભગવાનને ભજવા નીકળવું; તે નર્યું ગાંડપણ છે. મોંએ મેશ ચોપડીને, કન્યા પરણવા જવા જેવી ભૂલ છે. તાત્પર્ય—કોઇપણ પ્રકારે પ્રથમ, મનુષ્ય તો થવુંજ જોઇએ. આટલું વાંચીને, આપને ખાત્રી થઇ હશે; કે સોએ એંશી ટકા મનુષ્યો, મનુષ્યો નથી; પણ પશુઓ છે, રાક્ષસો છે; અથવા અસુરો છે.

આ સંસારના અનેક વૈભવો સાથે, પચીશ, પચાસ કે સો વરસનો સંબંધ છે. આખર મુકામ તો, સ્મશાનજ છે. માપ્યો મપાય નહીં; એટલો લાંબો કાળ, બીજે ગમે ત્યાં, આપણે ગાળવો છે. છતાં આ સંસારરૂપી ધર્મશાળામાં, થોડા વખત માટે આપણે એટલી બધી રંજાડ કરી રહ્યા છઈએ કે–જ્યારે આપણને જ્ઞાન થાય; ત્યારે આપણને પોતાને, આપણી બેવકુફી ઉપર તિરસ્કાર છૂટે. સામાનું ખૂન કરીને મેળવેલી લક્ષ્મી, અથવા મેળવેલા વૈભવનો બદલો, સરકાર માગી લેછે. સરકાર ખુનીને ખુનની શિક્ષા, અથવા બીજી ભયંકર શિક્ષા કરે છે. પરિણામે મોટા ત્રાસથી મેળવેલી લક્ષ્મી, અથવા મેળવેલો વૈભવ, ભોગવ્યા વિના, છોડીને જેલમાં રહેવું પડશે. કોઈ પુણ્યને યોગે ગુન્હેગાર તુરત પકડાતો નથી; પણ પુણ્ય ક્ષીણ થએ; તેનાં પાપ, એવા સંજોગો ઉભા કરી આપે છે; કે–જેમ પાંજરામાં ઉંદર પુરાઇ જાય; તેમ ગુન્હેગાર સેહેજમાં સપડાઈ જાય છે. વળી જ્યાંસુધી ન સપડાય; ત્યાંસુધી ગુન્હેગાર સરકારથી સંતાતો રહે છે; અને તેનું પોતાનું કાળજું, કરેલા અપરાધથી ધ્રુજતુંજ રહે છે. આપણે માનવ, એટલે અપરાધી નહીં; આવા ધ્રુજતાં કાળજાવાળા નહીં. પણ શાહુકાર ! રાજાસાહેબની સાથે બેસવાના અધિકારી ' કોઇ રૂડા સદ્‌ગુરૂ મળી જાય; તો તેથી પણ આગળ–એટલે પરમાત્માની પાસે બેસવાના અધિકારી ! આપને એટલું તો યાદ હશે કે–પ્રભુએ આપણને ધ્રુજતું કાળજું આપ્યું નહોતું. આપણે બાળક હતા; માતાના ખોળામાં સુતા સુતા ધાવતા હતા; ત્યારે આપણું કાળજું નિર્દોષ હતું–સ્વતંત્ર હતું. અભય હતું. તે કાળજાને આપણે પોતે, અપરાધો કરીને ધ્રુજતું બનાવી દીધું છે. હું આપને કઇ વાત કરી રહ્યો છઉં; તે તો આપ સમજ્યા છોને ? હું આપને એમ કહી રહ્યો છઉં; કે–'ભલે જમવા જુવાર હોય; ભલે પહેરવા ફાટયાં વસ્ત્ર હોય; અને પાસે પાઈ ન હોય; તોપણ મનુષ્ય થજો. માનવતારૂપી ધનને ખોઇ નાંખશો નહીં. માનવતામાંથી રાહીદાસે મહેલ ચણાવ્યા. માનવતામાંથી બીલ્વમંગળ જેવા લંપટ પુરૂષે, પરમારથ સાધી લીધો. માનવતામાંથી પીંગળા વેશ્યા, પરમ પદને પામી. શવરી, કરમા, રાંકા બાંકા વિગેરે નિર્ધનો, 'નહીં ત્રણમાં, નહીં તેરમાં'–એવા નિઃસાધન ગરીબ લોકો, માનવતામાંથી, લાખોની કમાણી કરી ગયા. આત્મા ઘણોજ બળવાન છે; પણ મનુષ્યદેહ વિના, તે માનવતા ટકાવી શકતો નથી. કલ્યાણને કેડે મનુષ્યદેહ ઉત્તમ સાધન છે. તેની ઉત્તમ પ્રકારે રક્ષા કરવી જોઇએ. મનુષ્યદેહમાં રહીને, સાવધાનપણે મનુષ્ય બની જવું જોઇએ.

વાદ—જેમ જળમાંથી શેવાળ ઉત્પન્ન થઈને, જળને ઢાંકી દે છે; તેમ વિદ્યાઓમાંથી વાદ ઉત્પન્ન થઈને, વિદ્યાઓને ઢાંકી દે છે. વાદ અંતઃકરણની નિર્મળતા માગે છે. મલીન અંતઃકરણવાળા સાથે કદિ વાદ કરવો નહીં.

વાક્યવૃત્તિ–'તત્ત્વમસિ' મહાવાક્યનો ખુલાસો, શ્રીઆદ્યશંકરાચાર્યે–'વાક્યવૃત્તિ' નામના ગ્રન્થમાં કર્યો છે. ત્યાં **त्वं** પદનો ખુલાસો નીચે પ્રમાણે કર્યો છે.

ગુરૂ કહે છે—

तत्त्वमस्यादिवाक्योत्थं, यज्जीवपरमात्मनोः ।
तादात्म्यविषयं ज्ञानं, तदिदं मुक्तिसाधनम् ॥६॥

અર્થ—શ્રીસદ્‌ગુરૂ કહે છે કે-**तत्त्वमसि**' [તે જે બ્રહ્મ છે; તે તું છો.] ઇત્યાદિ વાકયથી ઉપજેલું, જીવના અને પરમાત્માના એકપણાના વિષયરૂપ જ્ઞાન, તે આ મુક્તિનું સાધન છે. [૬].

આ બાબતમાં શિષ્ય શંકા કરીને પૂછે છે—

को जीवः कः परमात्मा, तादात्म्यं वा कथं तयोः ।
तत्त्वमस्यादिवाक्यं वा, कथं तत्प्रतिपादयेत् ॥७॥
अत्र ब्रूमः समाधानं, कोऽन्यो जीवस्त्वमेव हि ।
यस्त्वं पृच्छसि मां कोऽहं, ब्रह्मैवासि न संशयः ॥८॥

અર્થ—જીવ કોણ ? અને પરમાત્મા કોણ ? તથા તે બેમાં એક અલ્પજ્ઞ વિગેરે; અને એક સર્વજ્ઞ વિગેરે–એવા જુદાં જુદાં લક્ષણવાળા જીવ પરમાત્માનું, એકપણું કઈ રીતે છે ? વળી **तत्त्वमसि** આદિ વાક્ય, ઉલટા ગુણવાળાની એકતાનો સ્વિકાર, કઈ રીતે કરી શકે છે ? [૭]. શ્રીસદ્‌ગુરૂ જવાબ આપે છે કે–જીવ કોઇ અન્ય વસ્તુ નથી; પણ તું પોતે જીવ છો. તું તને ભૂલી ગયો છો; તેથી તને આ અથડામણ છે. 'હું કોણ છઉં ?' એમ જે તું મને પૂછે છે; તો તું પોતે બ્રહ્મ છો; તું દેહાદિ નથી. તેમાં સંશય કરવાની જરૂર નથી. [૮].

શિષ્ય પ્રાર્થના કરે છે—

पदार्थमेव जानामि, नाद्यापि भगवन् स्फुटम् ।
अहं ब्रह्मेति वाक्यार्थं, पतिपद्ये कथं वद ॥९॥

ગુરૂ જવાબ દે છે—

अंतकरणतद्‌वृत्ति-साक्षी चैतन्यविग्रहः ।
आनंदरूपः सत्यः सन्, किं नात्मानं प्रपद्यसे ॥११॥
सत्यानंदस्वरूपं धी-साक्षिणं बोधविग्रहम् ।
चिंतयात्मतया नित्यं, त्यक्त्वा देहादिगां धियम् ॥१२॥

આ સાંભળીને શિષ્ય ચમકી જાય છે. નિર્ધનને જાણે કરોડનો ચેક મળ્યો. ધીરજ રાખીને ગુરુની પ્રાર્થના કરે છે–" હે ભગવન્ આપ જે વાત કહો છો: તે વાત હું અદ્યાપિ પર્યંત જાણતોજ નથી. ' હું તો એક પામર જીવ !–હું તો રમેશભાઈ, હું તો દુલાભાઇનો પુત્ર, ડાહીનો દિકરો, અને ગાંડીનો વર. અને મુંબઇનો રહેવાશી;' એટલુંજ હું હજી જાણું છઉં.] **तत्त्वमसि** વાકયથી, હું બ્રહ્મ છઉં; એમ હું કઈ રીતે જાણી શકું; તે આપ મને કૃપા કરીને કહો." [૯] આ પ્રમાણે નમ્રતા પૂર્વક બોલેલાં વચનો સાંભળીને, કૃપાળુ ગુરૂ બોલ્યા કે–× × [૧૦] " હે પુત્ર ! તું બુદ્ધિનો, અને તેની–વૃત્તિરૂપ મનનો, તથા દેહાદિ સર્વનો, સાક્ષી છો; તે સર્વને જોનારો તું છો; તું અખંડ જ્ઞાનસ્વરૂપ છો; વળી સ્વયંપ્રકાશ છો; તારા આનંદ સ્વરૂપથીજ તને આનંદનું ભાન થાય છે. તું ત્રણે કાળમાં રહેનારો છો; તેથી સત્ય સ્વરૂપ છો; છતાં તું તને પોતાને, કેમ જાણતો નથી ? [૧૧] સાંભળ ! હું તેનો ખુલાસો કરી આપું–

અર્થ—દેહાદિને વિષય કરનારી બુદ્ધિનો ત્યાગ કરીને, સત્યસ્વરૂપ, આનંદ સ્વરૂપ, બુદ્ધિના સાક્ષી, અને ચેતન સ્વરૂપનું, આત્માપણાવડે, 'હું આત્મા છઉં' એવા ભાવથી, નિરંતર ચિંતવન કર. [૧૨] [વાક્યવૃત્તિ.]

रूपादिमान्यतः पिंडस्-ततो नात्मा घटादिवत् ॥
वियदादिमहाभूत-विकारत्वाच्च कुंभवत् ॥१३॥

અર્થ—આ તારો સ્થૂળ દેહ ઘડાની પેઠે જડ છે; કારણકે તે રૂપવાળો છે; અને આકાશાદિ, મહાભૂતોના કાર્યરૂપ છે. [૧૩]"

શિષ્ય પૂછે છે–હું કોણ ? તે મને સાબીત કરી આપો !

अनात्मा यदि पिंडोऽय-मुक्तहेतुबलान्मतः ।
करामलकवत् साक्षा-दात्मानं प्रतिपादय ॥१४॥

અર્થ—આપના કહેવા પ્રમાણે, આ દેહ કદિ અનાત્મા હોય; તો ભલે. પણ દેહને અનાત્મા ગણવાથી, આત્માનો વિચાર સિદ્ધ થઈ શકતો નથી. માટે કૃપા કરીને, હાથમાં રાખેલા આમળાની માફક, સાક્ષાત્ આત્માને પ્રતિપાદન કરો. [૧૪]

'હું કોણ ?' તેનો ખુલાસો હવે કૃપાળુ ગુરૂ કરે છે—

घटद्रष्टा घटाद्भिन्नः, सर्वथा न घटो यथा ।
देहद्रष्टा तथा देहो, नाहमित्यवधारय ॥ १५ ॥

સાવધાનતા પૂર્વક સાંભળો ! જીવ ઠેકાણે છે ને ? બોલો ત્યારે–હરહર મહાદેવ હર ! બસ ! આમ સામો પડકાર કરો; તો હું બહુ રાજી થાઉં. હું નવરો નથી; આ નવરાની વાતો નથી. મારી એક ઘડી, તે લાખેણી વહી જાય છે. તે આપને આપી રહ્યો છઉં.

અર્થ—શ્રીસદ્ગુરૂ કહે છે કે–'જેમ ઘડાનો દ્રષ્ટા, સર્વ પ્રકારે ઘડાથી જુદો જ છે; તે ઘડારૂપ નથી. તેમ સ્થૂળ શરીરનો દ્રષ્ટા હું, સ્થૂળ શરીરથી જુદો છઉં. સ્થૂળ શરીર રૂપ નથી;' એમ તારા પોતાના અનુભવથી, તું નક્કી કર. [૧૫]

एवमिंद्रियदृङ्नाह-मिंद्रियाणीति निश्चिनु ।
मनो बुद्धि तथा प्राणो, नाहमित्यवधारय ॥१६॥

संघातोऽपि तथा नाह-मिति दृश्यविलक्षणम् ।
द्रष्टारमनुमानेन, निपुणं संप्रधारय ॥१७॥

देहेंद्रियादयो भावा, हानादिव्यापृतिक्षमाः ।
यस्य सन्निधिमात्रेण, सोऽहमित्यवधारय ॥१८॥

अनापन्नविकारः सन्-नयस्कांतवदेव यः ।
बुद्ध्यादींश्चालयेत् प्रत्यक्, सोऽहमित्यवधारय ॥१९॥

અર્થ–એવી રીતે 'હું કે જે ઇંદ્રિયોનો દ્રષ્ટા છઉં; તે હું, ઇંદ્રિયો નથી;' એમ પણ તું નક્કી કર. 'મન, બુદ્ધિ અને પ્રાણ પણ હું નથી;' એમ તું નક્કી કર. [૧૬] આ પ્રમાણે 'ઇંદ્રિયોનો અને પ્રાણનો સંઘાત પણ, હું નથી;' એમ તું, નક્કી કર. 'દ્રષ્ટા દૃશ્યથી વિલક્ષણ હોય છે;' એમ અનુમાનવડે સાવધાનતા પૂર્વક નક્કી કર. [૧૭] જેના સાનિધ્યથીજ–જે પાસે હોવાથીજ–શરીર અને ઇંદ્રિયાદિ શક્તિઓ, મલ ત્યાગાદિ ક્રિયા કરવા સમર્થ

થાય છે; તે હું છઉં;' એમ પણ નક્કી કર. [૧૮] જે અંતરાત્મા લોહચુંબકની પેઠે, વિકાર પામ્યા વિના, બુદ્ધિ આદિકને ક્રિયાયુક્ત કરે છે; તે હું છઉં; એમ પણ નક્કી કર. [૧૯] [જાણે કોઇ નવી દુનિયામાં, આપણે આવ્યા !]

હવે આગળ સાંભળો—

अजडात्मवदाभांति, यत्सान्निध्याज्जडा अपि ।
देहेंद्रियमनःप्राणः, सोऽहमित्यवधारय ॥२०॥
अगमन्मे मनोऽन्यत्र, सांप्रतं च स्थिरीकृतम् ।
एवं यो वेत्ति धीवृत्तिं, सोऽहमित्यवधारय ॥२१॥
स्वप्नजागरिते सुप्तिं, भावाभावौ धियां तथा ।
यो वेत्त्यविक्रियः साक्षात्, सोऽहमित्यवधारय ॥२२॥
घटावभासको दीपो, घटादन्यो यथेष्यते ।
देहावभासको देही, तथाहं बोधविग्रहः ॥२३॥
पुत्रवित्तादयो भावा, यस्य शेषतया प्रियाः ।
द्रष्टा सर्वप्रियतमः, सोऽहमित्यवधारय ॥२४॥

અર્થ—જેના સમીપપણાથી જડ શરીર, ઇંદ્રિયો, મન, અને પ્રાણો પણ, ચેતન જેવાં જણાય છે; તે હું છઉં; એમ તું નક્કી કર. [૨૦] મારૂં મન બીજે ગયું હતું; પણ હમણાં મેં મનને સ્થિર કર્યું છે; એમ બુદ્ધિની વૃત્તિને, જે જાણે છે; તે હું છઉં; એમ પણ નક્કી કર. [૨૧] જે સ્વપ્નમાં, જાગ્રતમાં, અને સુષુપ્તિમાં, તથા બુદ્ધિઓના ભાવાભાવમાં વિકાર-રહિત રહે છે; અને તેને સાક્ષાત્ જાણે છે; તે હું છઉં; એમ પણ નક્કી કર. [૨૨] ઘડાને પ્રકાશનારો દીવો, જેમ ઘડાથી જુદો છે; તેમ શરીરને પ્રકાશનારો દેહી (આત્મા), એવો જે હું, તે ચૈતન્યસ્વરૂપવાળો છઉં. [૨૩] પુત્રધનાદિ પદાર્થો, જેના અનુકુળપણાવડે પ્રિય લાગે છે; [**आत्मनः कामाय सर्वं प्रियं भवति** (બૃહદારણ્યક ઉપ.] તે દ્રષ્ટા સર્વથી પ્રિયતમ છે. આ દ્રષ્ટા, તે હુંજ છઉં; એમ પણ નક્કી કર. [૨૪]

'હું જન્મ્યો અને હું મરી ગયો;' એવું છેજ નહીં; તે કહે છે—

परप्रेमास्पदतया, मानभुवमहं सदा ।
भूयासमिति यो द्रष्टा, सोऽहमित्यवधारय ॥२५॥

અર્થ—જન્મ્યા પહેલાં-હું નહતો; એમ નથી; પણ હું સર્વદા છઉં; એવો પરમપ્રીતિના વિષયરૂપ જે દ્રષ્ટા છે; તે હું છઉં; એમ નક્કી કર. [૨૫]

तत् त्वं असि નામના વેદ વાક્યમાં, **त्वं** એટલે 'તું'. તે 'તું' કેવો છે-સાંભળ—

देहेंद्रियमनःप्राणा-हंकृतिभ्यो विलक्षणः ।
प्रोज्झिताशेषषड्भाव-विकारस्त्वंपदाभिधः ॥२७॥

અર્થ—શરીર, ઈંદ્રિયો, મન, પ્રાણ, અને અહંકાર, એ તમામથી, તું વિલક્ષણ છો; એવો સમગ્ર ષડ્વિકારથી રહિત, **त्वं** પદનો અર્થ થાય છે. [૨૭]

પંચદશી ચિત્રદીપ કહે છે કે—[વિચારીને વાંચો !]

सदा विचारयेत् तस्मात्, जगज्जीवपरात्मनः ॥
जीवभावजगद्भाव-बाधे स्वात्मैव शिष्यते ॥१२॥

અર્થ—તેથી જગત્, જીવ અને પરમાત્મા શું છે? તેનો સદા વિચાર કરવો. જીવ ભાવના અને જગત્‌ભાવના બાદ કરતાં, જે બાકી રહે; તે તું પોતે છો. [૧૨]

શ્રી આદ્ય શંકરાચાર્યે હું કોણ છઉં ? તેનું નિરૂપણ કરવા માટે, **'સ્વાત્મનિરૂપણ'** નામનો ગ્રન્થ લખી આપ્યો છે. લ્યો થોડી વાત કરૂં—

अस्ति स्वयमित्यस्मिन्, नर्थे कस्यास्ति सशंयः पुसः।

तत्रापि संशयश्चेत्, संशियिता यः स एव भवसि त्वं ॥४॥

અર્થ—'હું છઉં'; એવી બાબતમાં, કોઇને શંકા હોતી નથી. [કારણ તે છે તોજ તે બોલે ચાલે છે.] તેમ છતાં જો કોઇ, આ બાબતમાં શંકા કરે; તો તેને કહેવું કે–'જે શંકા કરે છે; તેજ તું છો.' [૪] [વિચારી જુઓ !]

દેહાદિકનું અને પંચકોશોનું વર્ણન કરીને, આચાર્ય ભગવાન બોલે છે કે—

अन्नमयादेरस्मात्-अपरं यदि नानुभूयते किंचित् ।

अनुभवितान्नमयादे-रस्तीत्यस्मिन्न कश्चिदलापः ॥ १५ ॥

અર્થ—આ શરીરમાં અન્નમયાદિ કોશોથી જુદું, કોઇ હોય; એમ અનાયાસે જાણવામાં આવતું નથી. તોપણ અન્નમયાદિ કોશોને, જે અનુભવે છે–કોશોને જે જાણે છે; 'આ મારો દેહ છે.' એમ જે બોલે છે; તે કોઇ, અન્નમયાદિ કોશોથી જુદો છે. એમ ખાત્રી થાય છે. તેથી શ્રીશંકરાચાર્ય લખે છે કે-**अस्मिन् कश्चित् अलापः न**–આ બાબતમાં કોઇને કાંઇ બોલવાનું રહેતું નથી. તાત્પર્ય–તેની શંકાનું સમાધાન થઇ જાય છે. [૧૫] [શાંત છોને ? સાવધાન છોને ? પત્રિકા મળે. ત્યારે શાંતથી વિચારીને ધીમે ધીમે વાંચજો.]

सति सकलदृश्याबाधे, न किमप्यस्तीति लोकसिद्धं चेत् ।

यन्न किमपीति सिद्धं, ब्रह्म तदेवेति वेदतः सिद्धम् ॥ २२ ॥

અર્થ—'દેહાદિ સર્વ દૃશ્ય પદાર્થોને બાદ કરતાં કરતાં, બાદ કર્યા પછી, કાંઇ પણ બાકી રહેતું નથી;' એમ કદિ, આ જગત્‌ના લોકો બોલતા હોય; તો–'જે કાંઇ બાકી રહેતું નથી; તે જ બ્રહ્મ છે-તે જ આત્મા છે;' એમ વેદથી સિદ્ધ થઇ ચૂકેલું છે. [૨૨]

तस्मात् पदार्थशोधन-पूर्वकवाक्यस्य चिंतयन्नर्थम् ।

दैशिकदयाप्रभावा-दपरोक्षयति क्षणेन चात्मानम् ॥ २४ ॥

અર્થ—તેથી પદાર્થના શોધન માટે, મહા વાકયનો બરાબર વિચાર કરે; અને સાથે સાથે, ગુરૂની કૃપા હોય; તો થોડા સમયમાં, આત્માનો સાક્ષાત્કાર થાય. [૨૪]

પશુ, પક્ષીના અવતારોમાં, જીવ અજ્ઞાનમાંજ રહ્યો છે. અહીં પણ અજ્ઞાનમાંથી, જીવની ઉત્પત્તિ થઇ છે. ઉત્પત્તિ થયા પછી પણ, આસપાસનું વાતાવરણ, અજ્ઞાનથીજ ભરેલું છે. આ અજ્ઞાનમાં જીવ બોલે છે કે 'હું જાડો છઉં;' 'હું દુબળો છઉં;' 'હું કાણો છઉં;' 'હું બહેરો છઉં.' આ સાંભળીને આપ સા., હવે સમજી શકશો કે–બોલનારો પોતાને, સ્થૂળ દેહરૂપ માનીને બોલે છે. પછી તમે તેની પાસેથી એમ સાંભળો કે–'હું સુખી છઉં;' 'હું દુ:ખી છઉં;' તો તે સાંભળીને, આપ ખાત્રીપૂર્વક સમજી શકો છો; કે– સુખદુ:ખ મનનો ધર્મ છે. તેથી જીવ મનરૂપ બન્યો છે. અથવા જીવ સૂક્ષ્મ દેહરૂપ બન્યો છે. 'હું રમેશભાઇ;' 'હું દુલાભાઇ;' એમ જ્યારે તે બોલેઃ ત્યારે સમજવું કે–જીવ નામ-રૂપ બન્યો છે. [ફરી વિચારો !]

અતત્માં તત્ બુદ્ધિ, અને તત્માં અતત્ બુદ્ધિ–તેનું નામ અજ્ઞાન. જે તે નથી; તેને તે માનવું; તે અતત્માં તત્ બુદ્ધિ છે. જે તે છે; તેને તે ન માનવું; તેનું નામ તત્માં અતત્ બુદ્ધિ છે. [બરાબર સમજાય છે ને ? શાંત છો ને ?]

શ્રી આદ્ય શંકરાચાર્યના 'વાક્ય–સુધા' નામના ગ્રન્થમાં લખાયું છે કે—

रूपं दृश्यं लोचनं दृक्, तत् दृश्यं दृष्टृ मानसम् ।
दृश्या धीवृत्तयः साक्षी, दृगेव न तु दृश्यते ॥ १ ॥

અર્થ—રૂપ દશ્ય છે; અને તેને જોનાર આંખ, દ્રષ્ટા છે. તેથી આગળ વિચાર કરીએ; તો આંખને જોનાર મન છે. એટલે આંખ દશ્ય છે; અને મન દ્રષ્ટા છે. તેથી આગળ વિચાર કરીએ; તો બુદ્ધિની વૃત્તિઓ, મનને જુએ છે. એટલે મન દશ્ય બની જાય છે; અને બુદ્ધિની વૃત્તિઓ, દ્રષ્ટા બને છે. તેથી આગળ વધીને, વિચાર કરીએ; તો–દેહમાં હું કહેનારો આત્મા, બુદ્ધિઓની વૃત્તિઓને જોઇ શકે છે. એટલે બુદ્ધિની વૃત્તિઓ, દશ્ય બને છે; અને આત્મા દ્રષ્ટા બને છે. આ આત્મા જોનારો કોઇ નથી. [૧] [ફરી વાંચો.]

'આત્માનાત્મવિવેક' નામના ગ્રન્થમાં, શ્રીઆદ્યશંકરાચાર્ય બોલે છે કે—

दृश्यं सर्वमनात्मा स्याद्-दृगेवात्मा विवेकिनः ।
आत्मानात्मविवेकोऽयं, कथ्यते ग्रंथकोटिभिः ॥

અર્થ—વિવેકી પુરૂષને એમ સમજાય છે કે–જેટલું દશ્ય છે; તે તમામ અનાત્મા છે; અને 'આત્મા' એક જ દ્રષ્ટા છે. આત્મા અને અનાત્માનો, આ પ્રકારનો વિવેક, હું એકલોજ કહું છઉં; એમ નથી; પણ વિદ્વાનોના અનેક ગ્રન્થો, આ પ્રમાણે બોલ્યા છે.

શ્રી આચાર્ય ભગવાન્ 'વિજ્ઞાન–નૌકા' નામના ગ્રન્થની, શરૂઆત કરતાં બોલે છે કે–

[વંશસ્થ]

तपोयज्ञदानादिभिः शुद्धबुद्धिर्-विरक्तो नृपादौ पदे तुच्छबुद्ध्या ।
परित्यज्य सर्वं यदाप्नोति तत्त्वं, परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥ १ ॥

અર્થ—તપ, યજ્ઞ અને દાનાદિવડે, શુદ્ધ બુદ્ધિવાળો; અને રાજ્યાદિપદમાં તુચ્છ બુદ્ધિ વડે વૈરાગ્યવાળો પુરૂષ, સર્વનો પરિત્યાગ કરીને, જે તત્ત્વને પામે છે; તે નિત્ય પરબ્રહ્મ એવું જે તત્ત્વ–તે હું છઉં. [૧]

શ્રીઆદ્યશંકરાચાર્ય સદાચારસ્તોત્રમાં બોલે છે કે—

अन्वयव्यतिरेकाभ्यां, जाग्रत्स्वप्नसुषुप्तिषु ।
यदेकं केवलं ज्ञानं, तदेवाहं परं बृहत् ॥ ४ ॥

અર્થ—જાગ્રત, સ્વપ્ન, અને સુષુપ્તિ રૂપ, ત્રણ અવસ્થાઓમાં, અન્વય વડે અને વ્યતિરેક વડે, જે એક, અસંગ, ચૈતન્ય રૂપ, પર અને નિરતિશય વ્યાપક છે; તેજ હું છઉં. [૪]

સાંભળો છો ને ? આચાર્ય મોટા વકીલ–એડવોકેટ જનરલ [ઓફ લાઇફ એન્ડ સોલ]ની માફક, દલીલો કરી રહ્યા છે. [વિષય શાંતિથી વાંચવા જેવો છે.]

દષ્ટાંત —ઔરંગઝેબના અમલમાં, રાજ આફતમાં સપડાતાં, રાજાનો બાળક, ભીલોના ટોળામાં આવી પડ્યો. તે પોતાને ભીલ માનવા લાગ્યો. જે ભીલો, તેને દેખીને ભય પામે;

તે ભીલો, તેને ડરાવતા હતા. ઘણે કાળે રાજ આફતમાંથી મુક્ત થતાં, દીવાન સાહેબ કુંવરને તેડવા આવ્યા. અને 'ખમા બાપુને !' કહીને, હાથ જોડીને, દિવાન સામા ઉભા રહ્યા; ત્યારે તે કુંવર ચમક્યો ! 'આ શું ? મને ખમા શી ? અને આ મોટા માણસ, મને નમે છે કેમ ?' વિગેરે વિચારો, કુંવરને થઇ આવ્યા. દીવાન સાહેબે અને ઘરડેરા ભીલોએ, કુંવરને તેના સાચા સ્વરૂપનું ભાન કરાવ્યું. પછી તો તેણે, પહેરેલા ભીલના ગાભા, ફેંકી દીધા. દીવાન સાહેબ લાવ્યા હતા; તે રાજવી પોશાક પહેર્યો. સમય થતાં ખોંખારો ખાઇને, તે રાજગાદી ઉપર બેઠો. [જીવ શિવ બન્યાં.]

બીજું દૃષ્ટાંત—સિંહનું નાનકડું બચ્ચું, માતાથી છૂટું પડી જતાં, વગડે ભરવાડોને જડયું. ભરવાડે તેને બકરીઓનાં બચ્ચાં સાથે, ઉછેરીને મોટું કર્યું. આ ટોળું એક વખતે વગડે ચરતું હતું; ત્યારે એક સિંહ ત્યાં આવી ચડયો. તેને જોઈને બકરાં નાઠાં. સિંહે બકરાના ટોળામાં, પોતાની જાતના નાના સિંહને જોયો. તેને નાસતો જોઈને, સિંહ આશ્ચય પામ્યો. તોપણ તેણે વિચાર કર્યો કે–'આ મરદ કંગાલો ભેગો ક્યાંથી? જરૂર તેને બચાવી લેવો.' પછી તેણે બકરા સાથે દોડતા સિંહને, પકડી લઈને, ધીરજ આપીને કહ્યું કે–'ભાઇ તું તો સિંહ છે–બકરૂં નથી. તું તો મારા જેવો છે.' આ સાંભળીને બકરૂં બની ગએલો, રાંક સિંહ બોલ્યો કે–"કાં આમ મારી મશ્કરી કરો? હું તો રાંક બકરૂં છઉં–વિગેરે." તેના મનનું સમાધાન કરવા, સિંહ તેને નદીને કાંઠે લઈ ગયો. પછી તેને કહ્યું કે–'આ નિર્મળ જળમાં તું જો ! તારો પડછાયો, બકરા જેવો છે; કે મારા જેવો ?' રાંક સિંહે પોતાનો પડછાયો જળમાં જોતાં, પોતાને માથે, મોટી કેશવાળી તેણે દેખી. મુખ વિકાળ દેખ્યું; દાઢો ભયંકર દેખી. બકરાની દાઢીએ લબડે છે; એવા આંચળ ન દેખ્યા. બકરાના પગની ખરી, અને પોતાના પગનો પંજો, જુદાં દેખ્યાં. રાંક સિંહ આશ્ચર્ય પામીને ઠરી ગયો. 'હજી સાંભળ. જો મારી ગર્જના !' એમ કહીને, મોટા સિંહે ત્રાડ પાડી. સામેથી દિશાઓ ગાજવા લાગી. મોટા સિંહે કહ્યું કે–" આવી ગર્જના, તું પણ કરી શકે છે. 'હું તને મારીશ' એવી બીકને, તું હવે તજી દે ! 'હવે તું બકરૂં નથી;' એમ તું તારા મનથી નક્કી કર. પછી નિર્ભયતાપૂર્વક, ગર્જના કર." આ સાંભળી નાના સિંહે, ગર્જના કરી. પોતાની ગર્જના સાંભળીને, પોતાને ખાત્રી થઈ કે–'હું બેં બેં કરતું બકરૂં નથી; પણ હું વનરાજ છઉં.' પછી તે સિંહનું બચ્ચું, મોટા સિંહ સાથે વનમાં ચાલ્યું ગયું.

કહેવાનો ભાવ એ છે–કે જીવ ઇશ્વરનો અંશ છે. આકાશે ઉડતું પવિત્ર પક્ષી છે; પણ માયાના પાંજરામાં પુરાઈ ગયું છે. વાંદર વૃક્ષે વૃક્ષે કુદે ! વૃક્ષનાં ઉમદાં ફળ, વૃક્ષ ઉપરથી ચુંટીને ખાય; પણ ખાવા પીવાની નજીવી લાલચમાં, મદારીના પંજામાં ફસાઈ જાય છે. મદારી તેને માણેકચોક વચ્ચે નચાવે છે. મદારી જગતને સૂચવે છે કે–ખાવાની લાલચ, જીવને પરાધીન કરી દે છે. સંત તુલસીદાસ કહે છે કે–[મોક્ષવાણી પાનુ ૮૮]

ચોપાઈ—ઈશ્વર અંશ જીવ અવિનાશી, ચેતન અમલ સહજ સુખરાશી;
સો માયા વશ ભયઉ ગુંસાઈ, બંધ્યો કીર મરકટકી નાંઇ.

'કીર' એટલે પોપટ, અને 'મરકટ' એટલે વાનર. પોપટ અને વાનરની માફક, ઇશ્વરનો અંશ, બળવાન જીવ–લાચાર બની જાય છે. મોટા પુત્ર, બાનાં લાડકાં નાનાં નાનાં બચ્ચાંને (પોતાનાં ભાંડરડાંને), ન તેડે; બ્હેનનાં છોકરાંને પણ ન તેડે; પણ જો

છોકરાં, પોતાને થાય; તેને તેડીને ચૌટા સુધી ફરે. બાનું કહ્યું ન કરે; અને સ્ત્રીનું કહ્યું કરે. કારણકે–**બંધ્યો ફિર મરકટકી નાંઈ.'** સ્ત્રીને અનુકુળ રહેવાની, કોઇ પણ પ્રકારે ના નથી. પણ લાચાર બની જવાની ના છે. જીવને સંસારમાં ઉતરવાની ના નથી; પણ પોતે સંસારમાં, લાચાર બની ગયો નથીને? એમ જીવે વારંવાર તપાસવું જોઇએ. લાડુ જમવાની ના નથી; પણ એમ જમવાનો શોખ વધતાં, 'પોતે લાડુનો લાલચુ–લોલુપ–બનતો નથી ને? એમ જીવે વારંવાર તપાસવું જોઇએ. ગંગામાં સ્નાન કરવાની ના નથી; પણ બુડી મરવાની ના છે. સત્ય વસ્તુ સમજાય; તો સત્ય વસ્તુ માટે, સુખેથી લાચાર થવું.

કયો વિષય ચાલે છે? તે ભૂલ્યા નથીને? સાંભળો–બકરૂં બની ગએલા સિંહે, નિર્મળ જળમાં, પોતાનું સ્વરૂપ જોઇને, ખાત્રી કરી કે–'હું બકરૂં નથી.' તેમ આપણને, શ્રીસદ્ગુરૂ, નિર્મળ જળ જેવા, પક્ષપાત રહિત શાસ્ત્રમાં, જોવરાવીને, આપણા સ્વરૂપની ખાત્રી કરાવી શકે છે. સિંહ વિના સિંહ, જાગે કેમ?

આવું જ્ઞાન, આપણા રમેશભાઇને થાય; તો તેને ખાત્રી થાય કે–મારૂં નામ 'રમેશ,' આ શરીરરૂપી દાગીનાને ઓળખવા માટે, મારેલું માત્ર લેબલ (ચીઠ્ઠી) છે. આ શરીર, આ આશ્રમ મુકીને, સંન્યાસી થાય; તો આ શરીરનું લેબલ બદલાય છે. એટલે–'રમેશ' ને બદલે 'નિશ્ચળદાસજી' 'રામદાસજી,' 'ગોવિંદાસજી' વિગેરે નવાં લેબલ, લગાડવામાં આવે છે. 'દુલાભાઇ' મારા બાપ છે; એમ હું માની બેઠો છઉં; તે પણ હમેશ માટે નથી. લ્હેણુ દેણે ભેળા થયા છઇએ; અને લ્હેણુ દેણુ પુરી થતાં, સૌ સૌને માર્ગે ચાલ્યાં જશું. મુવા પછી પૂછો; તો નથી કોઇ બાપ; અને નથી કોઈ પુત્ર. આ નામ, અને આ સંબંધ પણ, સંસારનો વ્યવહાર સાચવવા જેટલોજ ઉપયોગી છે. નાટક, નાટકના સૂત્રધારની આજ્ઞા પ્રમાણે ચાલે છે; તેમ સંસાર, ઇશ્વરની આજ્ઞા પ્રમાણે ચાલે છે. પ્રભુ જ્યાં આપણને મૂકે; ત્યાં આપણે આપણો ખેલ, બરાબર ભજવી દેવો જોઇએ. સ્વધર્મ પાળે, તેને ખેલ ભજવતાં આવડયો ગણાય છે. [ફરી વિચારો!]

ત્યારે હવે હું કોણ?—હું દેહ નથી; હું મનુષ્ય પણ નથી. મનુષ્ય માત્ર લૌકિક વ્યવહાર માટે ઉપયોગી છે. લૌકિક વ્યવહાર નાશવંત છે. ગમે એવા ડાહ્યા–વ્યવહારીયા; પણ પાંચે પંદરે, ગોંદરે (સ્મશાને) જઇને સુવાના છે. જે મીલકતને મેળવતાં, તનમનને તોડી નાંખ્યાં; તે મીલકતને જોવા પણ, તે ફરી અહીં આવતા નથી. જે સ્ત્રી પુત્રાદિ માટે, હરિને પણ જોણું ન સંભાર્યાં; તે સ્ત્રી પુત્રાદિને વ્હાલ કરવા; તે પાછા અહીં આવી શકતા નથી. એટલે મારૂં મનુષ્યત્વ પણ ઘડી બે ઘડીનું છે.

ત્યારે શું મનુષ્યપણું નકામું છે?—ના–મનુષ્યપણામાં મનુષ્યના ધર્મ પાળીને, આત્મા સંબંધી વિચાર કરવાની, યોગ્યતા પ્રાપ્ત થાય છે. આત્માની શોધ માટે, જેમ દેહ ઉપયોગી છે; તેમ મનુષ્યત્વ પણ ઉપયોગી છે. દેહપણું અને મનુષ્યપણું સાધન છે. ધ્યેય, તે એથી આગળ છે. **ત્યારે હવે હું કોણ?** આ બાબતમાં, ડાહ્યા પુરૂષની વાણી સાંભળીએ. સાંભળો–શ્રી આદ્યશંકરાચાર્યનું 'શ્રી સિદ્ધાંતબિંદુ' નામનું સ્તોત્ર.

न भूमिर्न तोयं, न तेजो न वायुर्–न खं नेंद्रियं वा न तेषां समुहः।
अनेकांतिकत्वात् सुषुप्त्येकसिद्धः, तदेकोऽवशिष्टः शिवः केवलोऽहम् ॥ १ ॥

न वर्णा न वर्णाश्रमाचारधर्मा, न मे धारणाध्यानयोगादयोऽपि।
अनात्माश्रयाहं ममाध्यासहानात्, तदेकोऽवशिष्टः शिवः केवलोऽहम् ॥ २ ॥

સૂચના—મનુષ્યત્વ જેણે સિદ્ધ કર્યું હોય; માણુસાઇમાં રહીને, તેથી આગળ, આત્મતત્વનો વિચાર, જેણે કર્યો હોય; આત્મતત્ત્વનો વિચાર કરીને, જેણે નામરૂપાદિ દેહનો, અને જગતનો મોહ છોડી દીધો હોય; અહંમમની લગીર પણ ગંધ, જેમાં ન હોય; જેણે વાસનાઓનો સંપૂર્ણ રીતે નાશ કરી નાંખ્યો હોય; તે પુરૂષ આ સ્તોત્રનો અધિકારી છે. સ્તોત્ર ગાવાની ના નથી. પોતે શું છે; તે સત્યની ઝાંખી કરવાની પણ, ના નથી; પણ વાંચીને નાસ્તીક બની જવાની ના છે. કોડીનો માલ ન હોય; અને તેના કરોડ ઉપજાવવા; તે બને એવું નથી. દીલ્હીના દરબારમાં, ખાસડાં પાસે ઉભા રહેવાનો, જેને અધિકાર ન હોય; તે મયુરાસન ઉપર, કેમ બેસી શકે ? કહેવાનો હેતુ એ છે કે-જે રાજા નથી; તે કહે કે-'હું રાજા છઉં;' તો તે અપરાધ ગણાય છે. તેમ જે બ્રહ્મ નથી; તે કહે કે 'હું બ્રહ્મ છઉં;' તો તે પણ અપરાધ ગણાય છે. Deserve and then desire. અમુક વસ્તુ માટે, પ્રથમ લાયક થાઓ; અને પછી, તે વસ્તુ માટે ઇચ્છા કરો. આજકાલ હૃદયથી જે પરમહંસ નથી; તે પરમહંસ બની બેઠા છે. 'જગત્ મિથ્યા છે;' એમ કહીને, જંગલ જવા વખતે, જળ પણ તે લઇ જતા નથી. સુધારાનો ડોળ કરનારા પણ, મોટા બ્રહ્મવાદી થઇને બેઠા છે. તે ગમે તેનું ખાય છે; અને ગમે તેને પરણે છે. સૌને સરખાં ગણે છે. ગમે તેનું ખાવાની ના નથી; સૌને સરખાં ગણવાની ના નથી. પણ તે ક્યારે ?–જ્યારે જીવભાવ મટી જાય; જ્યારે મારૂં તારૂં મટી જાય; જ્યારે ધૂળ અને સોનાની કીંમત સરખી લાગે; જ્યારે માન અપમાનનો હિસાબ ન રહે; ત્યારે. એવી ઉચ્ચ કોટિમાં આવવા માટે જ, જ્ઞાન જીવને, ઘણુંજ જરૂરી છે. સમ્રાટનું મયુરાસન ખુલ્લું પડયું રહે છે; પણ ત્યાં બેસવાને, લાયક થયા વિના, બેસાય નહીં. હવે ઉપલા સ્તોત્રનો અર્થ કરવા, નહીં રોકાઉં. પૂર્વે એકવાર, અર્થ કર્યા હતા.

માનવમુસાફરી—જેમ દોડતી ટ્રેનમાં બેઠેલાં મુસાફરો, નવાં નવાં સ્ટેશનો જોતાં જોતાં, ચાલ્યાં જાય છે; તેમ માણુસ, જીંદગીનાં નીચે જણાવેલાં સ્ટેશનો, જોતો જોતો ચાલ્યો જાય છે. કોઇ સ્ટેશને જીવનટ્રેન થોડીવાર રોકાય છે; અને કોઇ સ્ટેશનેથી, તુરત આગળ ચાલે છે. વિદ્યાનું સ્ટેશન, લગ્નનું સ્ટેશન, ધંધાનું સ્ટેશન, પુત્રાદિનું સ્ટેશન, વળી બીજી કોઇ આફતનું, અથવા મોટા લાભનું સ્ટેશન. છેવટે વૃદ્ધાવસ્થાનું સ્ટેશન, અને આખરે મોતનું સ્ટેશન. ટ્રેનમાં બેઠો બેઠો, અવનવા દેખાવો, તે જોતો રહે છે. આ દેખાવો, જે અત્યારે જોયા, તે ઘડી પછી જુના થતા જાય છે; અને અદ્દસ્ય પણ થતા જાય છે. તેમ માનવમુસાફરીમાં, પિતાના ઘરમાં, આપણી સાથે માતાપિતા, આપણાં ભાંડુ, અને પિતાનાં ભાંડુ પણ હાજર હોય છે. માતાનાં માતાપિતા સાથે પણ, રહેવાનો સમય પ્રાપ્ત થાય છે. પણ આ બધા દેખાવ, આપણુને સમજણુ ન પડે; એવી રીતે, જોત જોતામાં ચાલ્યા જાય છે. પછી આપણી નજરે, આપણી સ્ત્રી, આપણો વસ્તાર, અને આપણો વહીવટ ચક્કર ચક્કર ફરે છે. આ વહીવટ પણ, દીનપ્રતિદીન બદલાતો જાય છે. આમ સ્ત્રી પુત્રાદિની સાથે ચાલતાં માલતાં, જે લ્હેણુદેણુ પૂરી કરે છે; તે છૂટાં પડતાં જાય છે. ઇ. સ. ૧૮૪૦માં જે લોકો, અમદાવાદમાં હતાં; તે અત્યારે ૧૯૪૦માં નથી. ૧૯૪૦ નો કાફલો પણ, કાળના મુખમાં દોડયો જાય છે.

આ બધા દેખાવો, અથવા આ બધો અનુભવ, આપણને કહ્યા કરે છે કે—જેમ મોટા વંટોળની પાછળ, પાંદડાં ઉડે; તેમ કાળની પાછળ, માણસો ઉડી રહ્યાં છે. પાંદડાં જડ છે. થએલા અનુભવનો લાભ, લઇ શકતાં નથી. માણસ ચેતન છે. થએલા અનુભવનો લાભ લઇ, પોતે પોતાને જોઇ શકે છે. પોતે પોતાને ઓળખી શકે છે. [વિચારો !]

આ મનુષ્યદેહ—દેહ ભલે ક્ષણભંગુર છે. નાશવંત છે; રોગોથી ભરેલો છે; તોપણ આ દેહથી, પરમાત્માની પ્રાપ્તિ થઇ શકે છે. માટે આ દેહને સાચવવા, ઋષિ મુનિઓએ, અને મોટા અવધૂતોએ પણ, પ્રયત્ન કર્યો હતો. ભગવાનને પામવા માટે, યોગાભ્યાસ અને ઉપાસના, ઘણા લાંબા કાળ સુધી, કરવાં જોઇએ. એમ કરવા માટે, આરોગ્યની, અને લાંબા આયુષ્યની જરૂર જણાય છે. આ બે જરૂરને પુરી પાડવા, તેઓ અમુક પ્રકારનું રસાયણ વાપરતા હતા. તે 'રસસિદ્ધિ' ના નામથી પ્રસિદ્ધ છે. આ રસવિદ્યાના મુખ્ય પ્રવર્તક શ્રીસદાશિવ છે. શ્રીદત્તાત્રય, ગોરખનાથ આદિ નવ નાથ, ગોવિંદાચાર્ય, નાગાર્જુન, સિદ્ધનાથ, મન્થાનભૈરવ, સિદ્ધબુદ્ધ, કંથડી, કોરંડક, સુરાનંદ, સિદ્ધપાદ, કણેરી, નિત્યનાથ, નિરંજન, કપાલી, બિંદુનાથ, કાકચંડીશ્વર, ગજ, અલ્લભ, પ્રભુદેવ, ટિંટિની, ભાલુકી, નાગદેવ, ખંડી, કાપાલિક, ચર્પટી, ઘોડાચોલી, ભાલુકી, વિગેરે, રસસિદ્ધો ગણાય છે. શ્રીઆદ્યશંકરાચાર્યના ગુરૂ ગોવિંદાચાર્ય, 'રસહૃદયતંત્ર' નામના ગ્રન્થમાં બોલે છે કે—'જીવન્મુક્તપદને મેળવવા ઇચ્છનાર પુરૂષે, અયોગ્ય આહાર વિહારથી, પુષ્ટ થએલા આ દેહનાં, અણુએ અણુ, રસાસિદ્ધિ દ્વારા, બદલી નાંખવાં જોઇએ. એટલે દિવ્યદેહ થયા પછીજ, દિવ્ય વસ્તુની પ્રાપ્તિ થાય.'

રસસિદ્ધિની આવી ઉત્તમ વાત, હું આપને કરવા બેઠો છઉં; તે મારી ભૂલ તો નથીને ? કારણ કે અત્યારે [1]શુદ્ધ પ્રેમ વિનાનાં, સંયમ વિનાનાં, જોડકાં જેવાં, જીવડાં જેવાં પામર–પતિપત્ની–દંપતી–વરવહુ, ખોટાં સુખમાં ખર્ચાઇ રહ્યાં છે. વધારે વધારે નમાલાં બની રહ્યાં છે; અને નમાલી પ્રજાને, ઉત્પન્ન કરી રહ્યાં છે. તેમને રસસિદ્ધિની, અને લાંબા આયુષ્યની વાત કરવી; તે નકામી છે. માણસનું હૃદય, અયોગ્ય આહારવિહારથી ખવાઈ રહ્યું છે; ક્ષય રોગ લાગુ પડી ગયો છે. સ્વચ્છંદી વર્તન, મીઠા ઝેરની માફક, માણસને નિર્માલ્ય કરી રહ્યું છે. શુદ્ધ જન્મ મેળવ્યા છતાં પણ, શુદ્ધ અહાર વિહાર વિના, સારી જમીનમાં વાવેલાં કાંટાનાં અને થોરનાં વૃક્ષની માફક, માણસો બગડી ગયાં છે. કુદરતનો નિયમ એવો છે કે—આંબો વાવતાં, આંબો જ થાય; અને બાવળીયો વાવતાં, બાવળીયો જ થાય; પણ સ્વચ્છંદ કહે છે કે—' મારી તાકાદ ભલભલાને કંપાવી નાંખે એવી છે—'હું આંબાને બાવળીઓ બનાવી શકું છું.' માનવીનું માથું (મગજ), અને હૃદય–આ બે ઉત્તમ અંગો છે. આ બે અંગો, બહુજ સારી રીતે, વ્યવસ્થિત રહેવાં જોઇએ. તે બે વ્યવસ્થિત થયાં પછીજ, માનવીનો–માનવતાનો–વિકાસ થઇ શકે. cool head & warm heart—જેમનું મગજ શાંત હોય; અને અંતઃકરણ ઉત્સાહથી ભર્યું હોય; તે માણસ, મોટાં કામ કરી શકે. રેલ્વેની અને તારની ઓફીસમાં, અનિયમીત ઘડીયાળો, કામ આવતી

[1] વધારે સુંદર સ્ત્રીને દેખે; તો પરણેલીને પડી મૂકીને, અન્ય સુંદરી પાછળ દોડયા કરે; એવા પામર પતિનો પ્રેમ. પતિથી જરા દુઃખ થતાં, ગભરાઈ જઈને, છૂટા છેડાની ધમકી આપે. એવી પામર સ્ત્રીનો પ્રેમ. આ બે સપેરેટ દુધનું દહીં. સોધું અને દેખાડવું, પણ જમતાં ફીક્કું.

નથી. તેમ ભગવાનને પામવાના રસ્તામાં, ગમે એવા આહાર વિહાર કરનારાં માણસ, કામ આવતાં નથી. તે રસસિદ્ધિના અધિકારી નથી.

મારે કહેવાનો હેતુ, આપ સમજી શક્યાં હશો. ન સમજ્યાં હો–તો સાંભળો–કે–**હું કોણ ?** તેનો આ વિષય ચાલે છે. તેમાં 'હું દેહ નથી;' તેમ 'રમેશભાઇ' વિગેરે નામ આપીને, આ સંસાર ચલાવી રહ્યો છઉં; તે પણ 'હું નથી.' હું તેથી કોઈ જુદો છઉં; **અને 'તે હું આત્મા છઉં;'** એમ જે નિર્ણય, ઉપર આપણે સાંભળી રહ્યા છઇએ; તે નિર્ણયમાં, દેહ મુખ્ય સાધન છે. દેહ હોય; તોજ તે સિદ્ધ થઇ શકે. આ દેહ પ્રાપ્ત કરવા, આપણે અનેક તપ કર્યાં હશે. દેહ પ્રાપ્ત થયા પછી, તેની કીંમત આપણે ભૂલી ગયા છઇએ. દેહનો મુખ્ય હેતુ આત્મસુખ છે. આત્મસુખ પાસે, ઇંદ્રનું સુખ તુચ્છ છે; તો પછી, એક જમીનના ટુકડાનો ધણી–રાજા, અથવા પાંચ પચીશ કરોડનો ધણી–ધનવાન્, શા હિસાબમાં છે ? માટે દેહની રક્ષા કરજો. રસસિદ્ધિ ન મળી શકે; તો કાંઈ નહીં; પણ અહાર વિહાર તો અવશ્ય શુદ્ધ કરજો. સાદાઇથી ડરશો નહીં. અને સરલતાથી, જરા પણ અચકાશો નહીં. સાદાઈથી સંસારનો ભાર હલકો થશે; અને સરલતાથી, હૃદયનો ભાર હલકો થશે.

નીચું કુળ અથવા નીચો વર્ણ, એ દોષ નથી; સ્ત્રીનું શરીર હોય; તો તે પણ દોષ નથી. પણ જ્યાં જન્મ્યા; ત્યાં, તપ કરીને પાપ ન ધુવો; તે દોષ છે; આ હિંદ તપોવન છે. ભોગભૂમિ નથી. કર્મભૂમિ છે. કર્મ કરીને જન્મમરણ મટાડી દેવા, મનુષ્ય દેહ છે. ઉપજાતિ—

धिङ्‌ मे जनुर्या दयनीयवंश–जन्मेति मा वंशि कदापि खिन्त्स्व ।
श्रीकृष्णचंद्राधरनित्यसंगे, तिग्मं तपस्ते सहते न राधा ॥

અર્થ—હે વાંસળી ! 'ક્ષુદ્ર વાંસથી મારી ઉત્પત્તિ છે; માટે મારા જન્મને ધિક્કાર છે;' એવો વિચાર તારે કદિ કરવો નહીં; કારણકે ઉગ્ર તપશ્ચર્યાથી, તું શ્રીકૃષ્ણના અધરના નિત્ય સમાગમ વાળી છો. તારી ઉગ્ર તપશ્ચર્યાની અદેખાઇ, રાધાને પણ આવે છે.

વાંસળી પૂર્વે કોણ હતી; તે વાત, મેં આપને, દશમસ્કંધમાં કરી છે.

'હું બ્રહ્મ છઉં;' અથવા 'હું આત્મા છઉં,' એમ બોલવાની પણ, કોઈ કોઈ ધર્મોમાં મના છે. તેનાં કારણ એ છે. એક એ કારણ કે–'હું કોણ છઉં;' તે હજી ઘણા જાણતા નથી. 'હું આ દેહ છઉં; અથવા 'હું માણસ છઉં;' એટલુંજ ઘણા જાણે છે. આમ જાણનારા પાસે, જ્યારે કોઇ એમ કહે કે–'હું આત્મા છઉં.' 'હું પરબ્રહ્મ છઉં;' ત્યારે તે ગુન્હો ગણાય છે. 'મંસુર' નામનો ઉગ્ર તપસ્વી ફકીર, હિંદમાં આવ્યો હતો. કોઇ સંતની સેવાથી, તેને 'હું આત્મા છઉં.' એવું જ્ઞાન થતાં; તેણે 'અનલહક' નો પોકાર કર્યો હતો 'અનલહક એટલે 'હું બ્રહ્મ છઉં.' આ પોકાર કરનારો મંસુર ફરતો ફરતો, બગદાદના પ્રદેશમાં આવ્યો. લોકો તેને હસી કાઢવા લાગ્યા. આવી હાંસીથી, તેની બ્રહ્મ ખુમારી ઉતરી નહીં. બગદાદના ખલીફે, તેના ગાંડપણ માટે, તેને કેદ કર્યો. કેદમાં પણ 'અનલહક' ના ભણકારા મટયા નહીં. છેવટે તેના અંગના, ટુકડે ટુકડે કરી નાંખવાનો હુકમ થયો. હાથ કપાયા; પગ કપાયા; તો પણ 'અનલહક' નો પોકાર, ચાલ્યા કરતો હતો. જ્યારે તેની જીભ કાપી નાંખવાની તૈયારી થઇ; ત્યારે તે બોલ્યો કે–'ઉભા રહો ! એક પ્રાર્થના કરી લઉં.' પ્રાર્થના કરવાની રજા મળતાં, તે બોલ્યો હતો કે–' ખુદા ! જેઓએ મારી આ દશા કરી છે;

તેમને તું માફ કરજે. લગીર પણ શિક્ષા કરીશ નહીં.' પ્રાર્થના પુરી થતાં, જીભ પણ કાપી નાંખવામાં આવી. વિગેરે વિગેરે.

બીજો એવો પ્રકાર છે કે—'હું આત્મા છઉં;' એમ બોલવું; તે છેવટનું સ્ટેજ (ભૂમિકા) છે. નાનાં બાળક જેવાં, અણસમજુ મુમુક્ષુઓને, એવા પદની વાત કરવી; તે તેમને રખડાવી મારવા જેવી ભૂલ છે. કારણકે ક્રમે ક્રમે આગળ વધાય. કોલેજ ઉત્તમ છે. પણ તેમાં ભણવા બેસનારે, મેટ્રીક થવુંજ જોઇએ. રાત્રે સુતી વખતે, બાળકને પેંડા દેખાડયા હોય; તો તે જંપીને સુવે નહીં–સુવા દે નહીં. સ્વધર્મ પાળતા નથી; અને 'હું બ્રહ્મ છઉં;' એવો ડોળ કરનારા ઘણા હોય છે. આવા પાખંડને મૂળમાંથી કાપી નાંખવા; ઉપદેશકોએ, આચાર્યોએ, આ ઉત્તમ ભૂમિકાને અધિકારી માટે ઢાંકી રાખી હોય છે. રાજ યુવરાજનું છે; પણ બાળકને–સગીરને–રાજ ન સોંપાય. સમજાય છે ને ?

હું કોણ ?—તે સંબંધી, આપ હવે બરાબર સમજ્યાં હશો કે–ઘણાં સ્ત્રી પુરૂષોનો **'હું'**, દેહમાં ઉંડે, દટાઇ ગયો છે. તે માણસો–'હું લુલો,' 'હું પાંગળો,' 'હું જાડો,' 'હું દુબળો, વિગેરે બોલી રહ્યાં છે. તેથી આગળ વધીને જોઇએ; તો ઘણાં સ્ત્રી પુરૂષોનો **'હું'** આ સંસારમાં, ઉંડે દટાઇ ગયો છે. તેઓ બોલે છે કે–'મારૂં નામ રમેશભાઇ, બાપનું નામ દુલાભાઇ, હું ડાહીનો દીકરો, અને હું ગાંડીનો વર-વિગેરે વિગેરે. મોત આવે છે ત્યાં સુધી, તેમનો 'હું', આટલામાંજ પડયો રહે છે. આસપાસનું વાતાવરણ પણ, તેને આટલામાંજ ડુબાડુબ રાખે છે. આ પ્રમાણે તે આગળ વધી શકતો નથી. આવો ગલુડીયા જેવો હું, ભય દેખીને ગભરાય છે; અને કોઇ રોટલો ધરે; તો કુદે છે. જે 'હું' ની શોધમાં, આપણે છઇએ; તે 'હું' આ નથી.

રાજાઓને, ધનવાનોને અને સત્તાધારી લોકોને, સંસારનાં સુખ, મીઠાં–મધલાળ જેવાં લાગે છે. તેમાં તેઓ અંધ બનીને રહે છે. રાજાઓને જગાડવા, પ્રભાતે ભાટચારણો બીરદાવલી બોલે છે; તે પણ, તેના સંસારના રાગને, વધારવા માટે થાય છે. માતા હાલરડે હિંચોળે– ત્યાં પણ–'ભાઇ મારો ડાહ્યો; અને પાટલે બેસીને ન્હાયો–હલો–લો-હાલવાલરે–વિગેરે.' આ હાલરડામાં પણ–ભાઇને સંસારમાંથી તારવાનો ઉદ્દેશ નથી; પણ ભાઇને સંસારમાં બુડાડવાનો ઉદ્દેશ છે.

હાલરડું તો, માતા **મદાલસાએ** ગાયું. તે સાંભળીને, પારણે સુતેલો **અલર્ક** જાગ્યો અઘોર ઉંઘમાંથી ઉભો થયો. સાંભળો— [ઉપજાતિ]

शुद्धोऽसि बुद्धोऽसि निरंजनोऽसि, संसारमायापरिवर्जितोऽसि ।
संसारस्वप्नं त्यज मोहनिद्रां, मदालसा पुत्रमुवाच वाक्यं ॥१॥

शुद्धोऽसि रे तात न तेऽस्ति नाम, कृतं च ते कल्पनयाऽधुनैव ।
पंचात्मकं देहमिदं न तेऽस्ति, नैवास्य त्वं रोदिषि कस्य हेतोः ॥२॥

न वा भवान् रोदिति वै स्वजन्मा, शब्दोऽयमासाद्य महीसमूहं ।
विकल्प्यमानो विविधैर्गुणार्थैर्-गुणाश्च भौताः सकलेंद्रियेषु ॥३॥

અર્થ—પારણે સુતેલા પુત્ર અલર્કને, હાલરડાં ગાતાં, મદાલસા (માતા) બોલી–કે– 'હે પુત્ર ! તું શુદ્ધ છો; તું બુદ્ધ છો; તું ચૈતન્ય સ્વરૂપ છો; નિરંજન છો; સંસારરૂપી માયાથી રહિત છો; માટે સંસાર સ્વપ્નરૂપી મોહ નિદ્રાનો ત્યાગ કર;' (૧) હે પુત્ર ! તું શુદ્ધ છો. એટલે

તારામાં દેહાદિમળનો ભેગ નથી. દેહાદિમળનો ભેગ નથી; તો પછી, તારે 'નામ' જેવું લપ પણ ન હોય. એટલે અમે તારૂં જે કાંઇ નામ પાડીએ; તે ખરૂં નામ નથી. માત્ર તે નામ-કલ્પના વડે, વ્યવહાર સાચવવા જેટલું-નામ પાડયું છે. પાંચ ભૂતોનો બનેલો આ દેહ પણ તું નથી. તેમ તે દેહનો સ્વામી (દેહી) પણ, તું નથી. તો પછી તું શા માટે રૂવે છે? [૨] પૃથ્વી આદિ પાંચ મહાભૂતોથી બનેલા, આ દેહને પામીને, દેહના જન્મ વડે, તારો જન્મ થયો; એમ માનીને તો, તું રોતો નથીને ? તારો જન્મ થયો; એમ માનીને, કદિ તું રોતો હો; તો તને કહેવાનું કે-આ દેહ ગુણના વિવિધ પદાર્થો વડે બન્યો છે. સઘળી ઇંદ્રિયોમાં પણ, ગુણોના કાર્યભૂત, ભૂતો વિના બીજું કાંઇ નથી. એટલે દેહના જન્મ સાથે, તારો જન્મ થયો; એમ તારે માનવાનું નથી. તું અનાદિ છો. [૩]

भूतानि भूतैः परिदुर्बलानि, वृद्धिं समायांति यथेह पुंसः ।
अन्नांबुपानादिभिरेव कस्य, न तेऽस्ति वृद्धिर्न तेऽस्ति हानिः ॥४॥
त्वं कंचुके शीर्यमाणे निजेऽस्मिन्, तस्मिन् स्वदेहे मूढतां मा व्रजेथाः ॥
शुभाशुभैः कर्मभिर्देहमेतन्-मृदादिमूढैः कंचुकस्ते पिनद्धः ॥५॥
तातेति किंचित् तनयेति किंचित्-अंबेति किंचित् दयितेति किंचत् ।
ममेति किंचित् न ममेति किंचित-त्वं भूतसंघं इति मामयेयाः ॥६॥

અર્થ—કાળે કરીને ભૂતો ક્ષીણ થઈ જાય. તેમાં બીજાં નવાં ભૂતો મળતાં, ક્ષીણ થએલાં ભૂતો વૃદ્ધિ પામે છે. તેમ અહીં દેહ વૃદ્ધિ પામે છે; તું વૃદ્ધિ પામતો નથી. તારે તો કોઈ પણ નિમિત્તે, વૃદ્ધિ નથી; અને ક્ષીણતા પણ નથી. [૪] આ તારો દેહ નાશવંત છે. આ દેહ સર્પની કાંચળી જેવો છે-વસ્ત્ર જેવો છે. માટે 'દેહ હું છઉં'; એવું કદિ તું, માનીશ નહીં. કામ ક્રોધાદિ મૂઢતાને તાબે થઇને, કરેલાં શુભ અથવા અશુભ કર્મો વડે, આ તારો દેહ પુષ્ટ થએલો છે. એટલે કરેલાં કર્મોનાં ફળ ભોગવવા માટેજ, આ દેહ તને પ્રાપ્ત થયો છે. એ ફળ ભોગવાઈ રહે, દેહ પડી જશે. દેહ પુષ્ટ થવાથી તું પુષ્ટ થતો નથી; દેહનો નાશ થવાથી, તારો નાશ થાય છે; એમ તારે જાણવાનું નથી. [૫] આ દેહ ભૂતોનો એક સંઘાત છે. આવા દેહમાં રહેલાં-કોઇને. તું 'બાપ' કહે છે; કોઈને તું 'પુત્ર' માને છે; કોઇને તું "બા' કહે છે; અને કોઇને તું 'પ્રિયા' કહીને બોલાવે છે; કોઈને તું 'સ્વજન' માને છે; અને કોઇને તું 'દુસ્મન' માને છે. આ બધી તારી માન્યતા વૃથા છે. કોઈ કોઇનું નથી. આ તો કર્મ ચૂકવવા, મળેલો મેળો છે. કર્મ ચુકવાયા પછી, કોઈ અહીં ટકવાનું નથી. [૬] [ધીમે ધીમે વાંચો ! વાંચીને વિચારો !]

दुःखानि दुःखोपगमाय भोगान्, सुखाय जानाति विमूढचेताः ।
तान्येव दुःखानि पुनः सुखानि, जानाति विद्वानविमूढचेताः ॥७॥
हासोऽस्थिसंदर्शनमक्षियुग्म-मत्युज्वलं यत्कलुषं वसायाः ।
कुचादि पीनं पिशितं घनं तत्, स्थानं रतेः किं नरको न योषित् ॥८॥
यानं क्षितौ यानगतश्च देहो, देहेऽपि चान्यः पुरुषो निविष्टः ।
ममत्वमुर्व्यां न तथा यथा स्वे, देहेऽस्ति मात्रं च विमूढतैषा ॥९॥

અર્થ—પારણામાં પોઢેલા હે જીવ! હે ચેતન! અવિવેક વડે જેનું ચિત્ત, અત્યંત મૂઢ થઇ જાય છે; તે દુઃખોને, દુઃખ દેવા આવેલાં માને છે; અને સુખોને, સુખ દેવા આવેલાં માને છે. વિવેક વડે જેનું ચિત્ત જાગ્રત છે; તે દુઃખોના ગર્ભમાં, સુખને દેખે છે; અને સુખોના ગર્ભમાં, દુઃખને દેખે છે. [૭] સ્ત્રીને પ્રસન્ન રાખવા; પુરૂષ ભરી ફીટે છે. રખે પુત્ર, સ્ત્રીરૂપ ખડકે અફળાઇને, તુટી ફુટી ન જાય; તે માટે મદાલસા પુત્રને કહે છે કે–હે પુત્ર! સ્ત્રીનાં દાંત દેખાય; એવું વ્હાલું હાસ્ય, સ્ત્રીની અતિ ઉજ્વલ બે મોહક આંખો, ચરબીની જમાવટથી, કઠણ થઇ પડેલા સ્ત્રીના બે સ્તન, વળી તેને ચોળતાં–મસળતાં, પુરૂષને થઇ પડેલો આનંદ; આ બધાં કારણોથી, મૂઢ પુરૂષ, સ્ત્રીને પોતાના સુખનું સ્થાન માની બેસે છે. પણ ખરી રીતે એમ નથી. સ્ત્રીને અત્યંત ઉલ્લાસથી સેવનારા, રસીક પુરૂષો પણ, 'તેમાં કાંઇ નથી;–કાંઇ નથી',–એમ કહેતા કહેતા, અંતે પાછા વળ્યા છે. કામીઓને સ્ત્રી નરકમાં ફેંકી દે છે; માટે સ્ત્રીનો, વિષયસુખ માટે અનુભવ કરતા પુરૂષ, સ્ત્રીને અંતે નરક સમાન ગણે છે. [૮] (પૃથ્વી ઉપર એટલે) પૃથ્વીમાં વાહન રહે છે. વાહનમાં દેહ બેસે છે; અને દેહમાં પુરૂષ (ચેતન) બેસે*છે. વાહનને પૃથ્વીમાં મમતા નથી; દેહને વાહનમાં મમતા નથી; તો પછી પુરૂષને, દેહમાં મમતા શા માટે રાખવી? દેહ પણ ચેતનનું એક વાહન છે. અથવા વસ્ત્ર છે–ઢાંકણ છે. દેહમાં મમતા કરે; તો તે મૂઢતા છે. [૯]

કેમ સાવધાન છોને? આવું સાંભળવા લાયક છોને? બંગાળના રાજા ગોપીચંદને, માતા મેનાવતીએ, આ પ્રમાણેજ જગાડયો હતો. આવાં પવિત્ર ત્યાગી માબાપ, જેને ઓરડે હોય; તેને ઘેર બેઠાં ગંગા છે. અડસઠે તીર્થો, ત્યાં આવીને વસે છે. મોટા મોટા સંત મહાત્માઓએ, અને આચાર્યોએ, કરી આપેલા નિર્ણયો, ત્યાં અનાયાસે સંભળાય છે. વંદન કરો એવાં માબાપને, તેમની આજ્ઞા પાળનારા પરિવારને! અને ત્યાં ખુંદાતી રજને! ગમે એવાં કામમાં હો; તોપણ આત્મીક વાતો સાંભળવામાં, પ્રીતિ રાખતા રહેજો. સંસારની અથડામણોમાંથી તે બચાવી લેશે.

છેવટમાં–આપણે આપણને ન જાણવા—તે ભયંકર ભૂલ છે આ એક ભૂલ, અનેક અવતારોને ઉભા કરશે; અને આ એક સુધારો, ચોરાસી લાખ અવતારોને ભુંસી નાંખશે. સંતો નિર્ણય કરીને બોલ્યા છે કે—

'જીન આપકું જોયા નહીં, મન મેલકું ધોયા નહીં
દિલ ડાઘકું ખોયા નહીં; અંઘોલ કીયા સો ક્યા હુવા? ૧
કાજી કિતાબો ખોલકે, મસરા સુનાવે ઓરકું
દિલકા ખબર પાયા નહી; કાજી બન્યા તો ક્યા હુવા? ૨
જોગી તે જંગમ સેવડા, સબ લાલ કપડાં પહેરતા;
મેં કૌન? તે પાયા નહી; કપડાં રંગ્યાસેં ક્યા હુવા? ૩

બસ! આટલુંજ. આપને સૌને ઘણાજ હેતથી જયશ્રીકૃષ્ણ–જયસાંબ–વિગેરે, જે આપને ગમે તે. [વ્હાલા સગાને, આપવા જેવી, આ વસ્તુ છે.]

અમદાવાદ, મોક્ષમંદિર
સંવત ૧૯૯૬ ભાદ્રપદ શુદી ૧૧
ભાગુની પવિત્ર મરણતિથિ.

લી. **રામશંકર મોનજી ભટ્ટ**

જ્ઞાન તરફ બેપરવા.

પુસ્તક માટે પાઈ ન મળે, અને લાડુ માટે લાખો.

. દરેક ધંધામાં, તે ધંધાના જ્ઞાન વિના, માણસ મુર્ખો ગણાય છે. એવા અભણ પુરૂષનો ક્યાંઇ ધડો થતો નથી, અને તે પોતાનો નિર્વાહ માંડમાંડ ચલાવી શકે છે. આ વાત ઘણા લોકો સમજે છે, માટે આ સંસારમાં સુખી થવાની ઇચ્છાથી, નિશાળોની ફીનો ખર્ચ, તથા નિશાળનાં પુસ્તકોનો ખર્ચ, લોકો વેઠી લે છે; પણ ધાર્મિક જ્ઞાન તથા ધાર્મિક પુસ્તકો તરફ, સોએ નવાણું ટકા, બેપરવા વધી છે. વ્યવહાર સાચવવા અગર માન લેવા, લોકો ધનના ઢગલા કરે છે. સીનેમા, નાટક તથા સોડા લેમન વિગેરે વ્યસનોમાં, લોકો પૈસાનું ધણું પાણી કરે છે; પણ ધાર્મિક પુસ્તક માટે, પાઈ વાપરવા રાજી નથી. મફત આપો; તો ભીડાભીડ કરી, લઇ લેવા ખુશી છે. "પાઈ આપવાની છે," એમ કહીએ, તો કહે છે કે "કાંઈ જરૂર નથી." મંદિરમાં સામગ્રિનું કહો, તો ત્યાં લોકો કાંઇક વાપરે છે. ગોરને ટાંણેટચકે પાંચ પચીશ આપવા પડે, તો આપે છે; પણ ગોરના બાળકોને ધાર્મિક શીક્ષણ આપવામાં, યજમાનો બેદરકાર રહે છે. માણસો મરી જાય છે; તેની પાછળ હજારો રૂપીયાનો ધર્માદા કરે છે. તે રકમ પણ, કાંતો લાડુમાં, અને કાંતો યાત્રામાં ફના થાય છે; પણ થોડાં ધાર્મિક પુસ્તકો લઈ, જમનારાઓને આપવાં, તે વાત તદ્દન ભુલાઈ ગઈ છે. દિકરીને દાયજામાં ૫૦૦) આપે છે; પણ દુઃખમાં દિલાસો આપે; એવું—એકાદ સારૂં પુસ્તક આપતા નથી. લાડુ જમાડવાનું કહો, તો ચોરાશી જેટલો ખર્ચ કરી નાખે છે; પણ જમનાર દરેક બ્રાહ્મણને, સંધ્યાનું પુસ્તક આપવાનું કહો; તો ના પાડે છે. યાદ રાખજો કે—જ્ઞાન વિના ભક્તિ અને કર્મ ફીક્કાં છે. એટલા માટેજ શ્રુતિ કહે છે કે—"જ્ઞાન વિના મુક્તિ મળે નહીં." ધાર્મિક પુસ્તકો લઇને વહેંચવા, એ ધનવાનનું કામ છે; પણ પોતાને માટે, એવાં થોડી કીંમતનાં પુસ્તકો લેવાં; એ સર્વ મનુષ્યની ફરજ છે. બાવા સાધુ અને કેટલાએક ધર્મનાયકો કહે છે કેઃ 'રામ રામમેં સબ આ ગયા." તુલસીદાસજી જો એવું સમજ્યા હોત; તો રામાયણનું પુસ્તક લખવાની, તેમને જરૂર પડત નહિં. શુકદેવજી અગર વેદવ્યાસ, જો એવું સમજ્યા હોત; તો ભાગવતની હયાતી હોત નહિ. ગીતા આદિ પુસ્તકોની પણ, જરૂર જણાત નહીં. કેટલાએક ધર્મનાયકો ગભરાય છે કે "રખે પુસ્તકો વાંચીને, લોકો જ્ઞાની બની જશે; તો આપણું પોગળ ચાલશે નહીં." આ ભયંકર ગેરસમજ છે. સત્પુરૂષો તરફથી, પુસ્તકદ્વારા જ્ઞાનનો જે વારસો મળે છે, તે અમૂલ્ય છે. તે પુસ્તકો સાદી અને સરલ ભાષામાં હોય; તથા જુજ કીંમતમાં મળતાં હોય; તો ભારે ઉપકાર સમજવો. બાર માસે ઘીનો, તેલનો, ગ્યાસલેટનો, દાતણનો, સાબુનો—ખર્ચ જેમ રાખો છો; તેમ જ્ઞાન ખાતાના ખર્ચની ખાસ જરૂર છે.

છાપખાનાની સગવડ થતાં, પુસ્તકો પ્રથમના કરતાં, ઘણાં જ સસ્તાં મળે છે. છતાં બેપરવા રાખવી, એ પોતાનું બગાડવા જેવું છે.

વ્યવસ્થાપક.

મોક્ષમંદિરમાંથી પ્રગટ થએલાં પુસ્તકો

જ્ઞાનના જીજ્ઞાસુઓને આવાં સાદાં અને સસ્તાં પુસ્તકો ભાગ્યેજ મળી શકશે

મોક્ષપત્રિકા } પાકાં પુંઠાથી બંધામણી સાથે સંવત ૧૯૭૬થી ૧૯૯૫ની ફાઇલ. } દરેકના ૨—૬—૦

રાસ પંચાધ્યાયી અથવા શ્રીકૃષ્ણ અને રાસ. ... } ઘણા ખુલાસા અને ઘણાં રસીક પદો સાથે } કીંમત ૧—૮—૦

વૈરાગ્યશતક ... રૂ. ૧—૦—૦ વેદાંત કેસરી ... ૧—૪—૦

યોગતારાવલિ 'શંકરાચાર્યની યોગપ્રસાદી' તથા છદર્શન શું?—દરેકના ૦—૨—૦

તત્ત્વજ્ઞાનની પ્રથમ પોથી ૦—૨—૦ વેદાન્તકેસરી પ્રથમ આ. ૦—૧૦—૦, દેહનિરૂપણ ૦-૧૦-૦

શરણાંગતિ બે ભાગ—દરેકના ૦—૧—૦, ગર્ભોપનિષદ ... ... કીંમત ૦—૨—૦

શ્રીચર્પટપંજરિકા તથા શ્રીમોહમુદ્ગર—દરેકના ... ... કીંમત ૦—૧—૬

શ્રી તત્ત્વબોધ અને આત્મબોધ—દરેકની ... ... કીંમત ૦—૩—૬

વિવેકચૂડામણિનો સંપૂર્ણ ગ્રંથ ૧-૧૨-૦; પાતંજલયોગદર્શન સંપૂર્ણ ગ્રન્થ ૨—૪—૦

પાતંજલયોગદર્શનનાં પ્રકરણો—સાધનપાદ તથા વિભૂતિપાદ—દરેકના... ૦-૮—૦

સમાધિપાદ ૦—૧૨—૦. કૈવલ્યપાદ ૦—૪—૦, પ્રાણતત્ત્વ ... ૦—૨—૦

વેદાંતવિચાર શ્રી શંકર તથા મંડન પંડિતનો, અને હસ્તામલકનો સંવાદ—દરેકનો ૦—૧—૦

રઘુવંશ પ્રથમ તથા દ્વિતીય સર્ગો પદચ્છેદ, ગુજરાતી તથા અંગ્રેજી ભાષાંતરસહિત ૦—૧૨—૦

રઘુવંશ ત્રીજો સર્ગ પદચ્છેદ, તથા ગુજરાતી ભાષાંતર સહિત ... ૦—૬—૦

રઘુવંશ ચોથો સર્ગ ૦—૩—૬. હું કોણ? ... ૦—૪—૦

શ્રીમદ્ ભગવદ્ ગીતા ૧, ૩, ૫—૧૨—૧૬ અધ્યાય દરેકના ... ૦—૩—૦

,, સાંખ્ય વિવેચન સહીત બીજો અધ્યાય ૦—૬—૦, ચોથો અ. ૦—૪—૦

સમશ્લોકીગીતા સંસ્કૃત શ્લોકો સારા મોટા ગુજરાતી ટાઇપમાં. વાંચનની ખાસ શુદ્ધિ માટે. સંસ્કૃત વ્યાકરણની નોટ સાથે ... ૦—૪—૦

ઉપનયનસંસ્કાર, શિવમહિમ્નઃ, બ્રહ્મસ્તુતિ—દરેકના ૦—૪—૦. વિવાહસંસ્કાર ૦—૩—૦

રામ અને રામાયણ, સાધનપંચક, વેદાંતયોગનો મેળ, અને સંતરામ શતાબ્દી. દરેકના ૦—૧—૦

મોક્ષવાણી—તુલસીકૃત રામાયણમાંથી ચુંટેલા સુંદર પ્રસંગો { રફ કાગળ ૦—૮—૦
બહારગામ માટે પોસ્ટેજ બે આના જુદા } ગ્લેઝ્ડ ,, ૦-૧૨-૦

માનવીઓનો મેવો, અને રંડાપો—દરેકના ૦—૧—૦ શ્રીકૃષ્ણ લીલામૃત ૦—૩—૦

ધાર્મિક પ્રથમ પોથી, તથા બીજીપોથી, કર્મ—જ્ઞાન અને ભક્તિ, સંતોની ટોપલી, પ્રભુ કેમ દૂરના દૂર? આડ વરસે શું કરશો? એકાદશી, શ્રીકૃષ્ણતત્ત્વ, શિવલિંગ શું છે? સમશ્લોકી, વર્ણવ્યવસ્થા, સ્ત્રીઓ અને અત્યારનો સુધારો, વિધવાઓને અને વિધુરોને, દ્વેષના દિકરા, વેદાંતના એકડા તથા મુમુક્ષુની મુઠી નં. ૧ } દરેકની કીંમત છ પાઇ, એક સાથે અઢી રૂપૈયાની ૧૦૦ નકલ. પોસ્ટેજ ચૌદ આના જુદું.

"તમે ક્યાં છો"

દેવ બનવાની કુંચી, શ્રાદ્ધ, દરેકના ૦—૦—૩ એક સાથે એક રૂપૈયાની ૭૫ નકલ.

મૂર્તિપૂજા અને દેવમંદિરો, શિવમહિમ્નઃ તથા શક્રાદય પુરૂષસુકત સાથે ગુજરાતી ટાઇપમાં, માત્ર શ્લોકો. દરેકની ૦—૦—૯

પૂર્વ તથા ઉત્તરની યાત્રાનો ભોમીયો—ગ્રાહકોને ૧ ૮—૦ બદલે ૧—૦—૦

મરવું કેવી રીતે? બે ભાગ—દરેક ભાગના ૦—૨—૬ એક સાથે બે ભાગના ૦—૫—૦